॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે સળંગ અંક ૪૫૪, ઓક્ટોબર-૨૦૨૩, રૂા. ૫.૦૦/-



ભુજ મંદિર દ્વારા વાગડ-ભચાઉ-રાપર તાલુકના ભક્તો મુંબઇના અનેક વિસ્તારોમાં વ્યવસાય માટે રહે છે. નાના મોટા વ્યવસાય સાથે રહેતા મુમુક્ષુઓ-ભક્તો માટે અત્યારે ભુજ મંદિર દ્વારા ૫ જગ્યાએ ગામદેવી, વિલેપાર્લે, થાણા, પવઇ અને ગોરેગાંવ વિસ્તારમાં સત્સંગ કરવાની વ્યવસ્થા છે. તા. ૨૪-૯-૨૦૨૩ના નવા શ્રીસ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટ ખારઘર-મુંબઇ ગુરુકુળ ઉચ્ચ શિક્ષણ સંસ્થાનનું પૂજ્ય મહંત સ્વામી આદિ સંતો દ્વારા શિલાન્યાસવિધિ કરવામાં આવ્યો છે.

મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી રાપર ગુરુકુળ મધ્યે અ.નિ. સદ્‌ગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજીની પુણ્ય સ્મૃતિમાં ભુજ મંદિર દ્વારા વાગડ વિસ્તારના જરૂરિયાતમંદ લોકો માટે તા.૧૭-૯-૨૦૨૩ રવિવારના રોજ ૪૪મો મેડિકલ કેમ્પ રાખવામાં આવેલ હતો. જેમાં ૧૦૦૦થી વધુ દર્દીઓ લાભાન્વિત થયા હતા. ચામડી, નાક-કાન-ગળા, હાડકાં, આંખ, હૃદય અને ડાયાબિટીશની તપાસ અને સ્થાનિકે દવા તેમજ જરૂરિયાત દર્દીઓને ઓપરેશનો કરવામાં આવી રહ્યા છે.







તા.૧૯-૯-૨૦૨૩ ભાદરવા સુદ-૪ ગણેશ જન્મોત્સવના દિવસે ભુજ મંદિરમાં બિરાજતા શ્રીગણેશજીનું પૂજન કરવામાં આવ્યું હતું. અને છેલ્લે પૂજ્ય મહંત સ્વામીએ યજમાનો સાથે રહી આરતી કરી હતી.

તા.૭-૯-૨૦૨૩ શ્રાવણ વદ-૮, શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના દિવસે શ્રીઠાકોરજીની વિશેષ પૂજન સાથે રાત્રે કથા-ધૂન બાદ ૧૨ વાગ્યે શ્રીકૃષ્ણ જન્મોત્સવની આરતી કરવામાં આવી હતી. પૂજ્ય મહંત સ્વામી દ્વારા આરતી બાદ નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલની ધૂમ મચી હતી. બાદ ચોકમાં યુવાનો દ્વારા મટકીફોડ કાર્યક્રમ કરવામાં આવેલ ત્યારબાદ પ્રસાદ વિતરણ કરાયું હતું.



# સદ્‌ગુરુ પુરાણી સ્વામી સ્વયંપ્રકાશદાસજીનો અક્ષરવાસ

**દીક્ષા સંવત ૨૦૧૭ ફાગણ સુદ-૧૧ તા. ૨૬/૨/૧૯૬૧ રવિવાર**

**અ. વા. સંવત ૨૦૭૯ ભાદરવા સુદ-૫, તા. ૨૦/૯/૨૦૨૩ બુધવાર**

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજના એક પરમ વંદનીય સંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી સ્વયંપ્રકાશ દાસજી ૭૯ વર્ષની વયે દિનાંક ૨૦-૯-૨૦૨૩ બુધવાર ઋષિપંચમીના દિવસે સવારે ૭-૧૫ વાગ્યે મંદિરના સભામંડપમાં કથા સાંભળતાં સાંભળતાં અક્ષરવાસી થયા હતા. પુરાણી સ્વામીએ ૧૭ વર્ષની યુવાનીમાં ભુજ મંદિરમાં આવીને સંત દીક્ષા ગ્રહણ કરીને ૬૨ વર્ષ સુધી શ્રીનરનારાયણદેવની સેવામાં રહ્યા

સ્વામીનો જન્મ ગામ રામપર-વેકરામાં થયો હતો. પિતાનું નામ ભીમજીભાઇ નારાણ કેરાઇ (આંબાણી) અને માતાનું નામ ધનબાઇ ભીમજી હતું.

આ કેરાઇ (આંબાણી) પરિવારનો ઇતિહાસ કહીએ તો ભગવાન શ્રીસ્વામિનારાયણ જ્યારે દિવ્ય વર્ણીરૂપે કચ્છમાં વિચરણ કરતાં કરતાં રામપુર મેરાઇ વાડીએ પધાર્યા હતા. બપોરનો સમય હતો. વાડીમાં ત્રણ કણબી ભાઇઓ કોશ હાંકતા હતા. જેમના નામ ભીમજીભાઇ, ખીમજીભાઇ અને લક્ષ્મણભાઇ હતું. શ્રીહરિ આ ભાઇઓ પાસે આવીને બોલ્યા કે અમને

પેજ નંબર ૨૦ પર ચાલુ











# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૭ કુલ અંક-૧૯૭

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૩ અંક-૮ સપ્ટેમ્બર-૨૦૨૩
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૫૪

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ, શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| સંસ્થા સમાચાર | ૭ |
| સત્સંગ સમાચાર-દેશ | ૧૫ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૩ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે.
  કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

# તંત્રીની કલમે

સત્સંગ સભામાં હરિભક્તે સ્વામીને વિનમ્રભાવે પૂછ્યું, ''સ્વામી, જીવનમાં ક્યાંયથીય આનંદની પ્રાપ્તિ નથી થતી. મને એમ થાય છે કે ભગવાનને કંઇક અર્પણ કરું જેથી મને આનંદ મળે. પરંતુ સમગ્ર સૃષ્ટિના રચયિતાને શું આપું? તેમની પાસે તો બધું જ છે. સર્વસ્વના સ્વામીને પામર માનવ શું આપી શકે? કાંઇ સમજ નથી પડતી.''

સ્વામીએ મંદ મંદ હાસ્ય સાથે જવાબ આપ્યો, ''ભગત, માનવને ભગવાને ઘણું બધું આપ્યું છે, પરંતુ અહંકાર નથી આપ્યો. અહંકાર તો માનવનો પોતાનો જ છે. બસ, અહંકાર ઇશ્વરને અર્પણ કરી દો પછી આનંદ જ આનંદ છે.''

સ્વામીના વચનથી પ્રભાવિત થયેલી સભામાં ઉત્કંઠા વધતી ગઇ. સસ્મિત વદને સ્વામીએ આગળ જણાવ્યું કે અહંકાર જ બધા ઉદ્વેગ, ઉત્પાત અને અશાંતિનું કારણ છે. જ્યાં આ બધું હોય ત્યાં આનંદ ક્યાંથી હોય? બીજું ભગવાને સૌને પવિત્ર પ્રેમથી ભરપૂર નિર્મળ હૈયું આપ્યું છે. માનવે તેમાં ઇર્ષ્યા, અદેખાઇ, અવિશ્વાસ, સ્વાર્થ, તિરસ્કાર જેવી બાબતોને ભરી ભરીને તેની નિર્મળતા અને પવિત્રતાને ભ્રષ્ટ  કરીને આનંદ ગુમાવી દીધો છે.

અહંકાર, છળ, કપટ, ક્રોધ, ઇર્ષ્યા, સ્વાર્થ જેવી બાબતો પ્રભુને પ્રિય નથી. આપણે આ બાબતો અપનાવીએ તો પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત ન થાય. પ્રભુ પ્રસન્ન ન હોય તો આનંદ ન મળે.


જીવનમાં આનંદની પ્રાપ્તિ કરવી હોય તો અહંકાર ત્યાગી, ઊંચ–નીચના ભેદભાવ ભૂલી, વેર–વૈમનસ્ય વિસારી સૌને સ્નેહ સાથે સ્વીકારીએ. દરેક માનવ ઇશ્વરનું સંતાન છે. એ વાત સમજીને જીવન જીવશો તો આનંદ જ આનંદ છે.

ભગવાનને ભાવથી ભજીએ, હૈયામાં હરિ પ્રત્યે હેત રાખીએ. સત્કાર્યોમાં સહયોગી થઇએ. મન, કર્મ, વચન, વ્યવહાર, વાણીને પવિત્ર રાખી જીવન વ્યતીત કરીએ તો આનંદ જ આનંદ છે.

વિચારો વિશુદ્ધ અને સકારાત્મક રાખવાથી આનંદમાં વિઘ્ન પાડતી સમસ્યાઓ દૂર રહે છે. તેથી આચરણ એવું રાખીએ કે સૌ ખુશ રહે, બધા તરફથી પ્રેમ અને સદ્‌ભાવ મળે અને માન–સન્માન મળે તો જીવનમાં આનંદ છે.

આપણા સૌ માટે વિશેષ આનંદની વાત તો એ છે કે આપણને શ્રીજીમહારાજ જેવા ઇષ્ટદેવ મળ્યા છે. આપણા સૌ કાર્યમાં શ્રીસ્વામિનારાયણ ભગવાનને સાથે રાખી, શિક્ષાપત્રીના આદેશોને સંપૂર્ણ શ્રદ્ધા અને અડગ આસ્થા સાથે અનુસરશું તો આનંદ શોધવા ફાં ફા નહીં મારવા પડે. ઉરમાં જ આનંદ ઉદ્‌ભવશે અને સૃષ્ટિ આખી આનંદમય લાગશે.

જય શ્રી સ્વામિનારાયણ!



શિક્ષાપત્રી શ્લોક - ૭૭

## વિષ્ણોઃ કથાયા શ્રવણં વાચનં ગુણકીર્તનમ્ ।
## મહાપૂજા મન્ત્રજાપઃ સ્તોત્રપાઠઃ પ્રદક્ષિણાઃ ॥

હિંમતભાઈ ઠક્કર - ભુજ

શ્રીસહજાનંદ સ્વામી મહારાજે શ્લોક-૭૭માં વિશેષ નિયમોની વાત કરી છે તો ચાતુર્માસ માટે તો એ નિયમો અત્રે શ્લોક-૭૭ ને પછી શ્લોક-૭૮ માં મુદ્દાસર જણાવેલ છે. ૧-ભગવાનની કથાનું શ્રવણ કરવું. ૨-ભગવાનની કથા વાંચવી, વૈયક્તિકપણે વાંચવી તથા સમાજના કથા કાર્યક્રમના આયોજનથી વ્યાપકપણે પ્રચાર પણ કરવો. ૩-ભગવાનના ગુણોનું ઊંચા સ્વરે સર્વશૃત બને તેમ ગુણગાન-કીર્તન કરવું. ૪-ભગવાનની મહાપૂજા વૈયક્તિ સ્વરૂપે તથા કુટુંબકબીલા સહિત દબદબાપૂર્વક કરવી. ૫-અને ભગવાનનો અષ્ટાક્ષરી મંત્ર ગુરુદત્ત હોઇ મૌનથી અને નિયમિતપણે દૃઢભાવથી, અનંતાનંત શ્રદ્ધાપૂર્વક અને આજીવનપણે મનથી, મૃદુવાણીથી અને ચારે તરફ પણ ગાજતું રહે તથા સાંભળનારા સત્સંગી જો ન પણ હોય તો પણ તેમની શ્રવણેન્દ્રિય પરમ શુદ્ધ થાય અને તેઓ પણ તેમના મન-બુદ્ધિ-ચિત્તથી મંત્રજાપ કરનારા સંપ્રદાયના સત્સંગી તરફ ઉત્સુક થઇ આકર્ષાય કેમ કે આપણો સંપ્રદાય સર્વત્ર સુખીનઃ જીવમ્, સર્વે જીવો નિરામયાઃ, સર્વે માનવ ભદ્રાણી, માકશ્ચિત્ દુઃખમાપ્નુયાત્ બને. આપણો સ્વામિનારાયણ સંપ્રદાય મંદિરની શિખર ધ્વજાના ફરફરાટ સુવર્ણ કળશો દેદિપ્યતા પરમાત્માની હુબહૂ સાકાર મૂર્તિઓ, ઢોલ, ત્રાંસા, શરણાઇ અને સૂરાવલી, ગાન-તાન મારફતે પ્રત્યેક જીવને આ આ જ સૂર અને સૂરાવલી દ્વારા પ્રેરિત કરી આપણો સત્સંગ પરિવાર વ્યાપ્તથી વ્યાપ્તતમ બને એટલા માટે છે. તેથી જ ભગવાન શ્રીહરિ આજે કળિયુગમાં થયેલ વધુ એક અવતાર ધરી પધાર્યા છે. કેમકે, ચોર્યાશી લાખ યોનીઓમાં ફસાયેલા જીવને આખરે તો પુનરપી જનનમ્, પુનરપી મરણમ્ પુનરપી જનની જઠરે શયનમ્ માંથી મુક્ત કરી અંતે તો સર્વેને અક્ષરધામ જ પહોંચાડવાના છે ને....૬-અને સ્તોત્ર પઠન કરવાં. માનવ જીભના બે મહત્ત્વના કામો છે. ભોજન પદાર્થોનો માયાવી સ્વાદ ચાખવો અને

વારંવાર ચખણ ચખણે ચડવું. અને શબ્દ બ્રહ્મને માયાના ભરમમાં ભભરાવ્યા કરવું. જો સત્સંગી જીવ આ બે થી બચે તો તે જ જીભ સ્તોત્રો દ્વારા પરમાત્મા સાથે જડબેસલાક જોડી પણ દે..

હવે આ ૭૭ માં અદ્ભુત શ્લોકને પરમોચ્ચ વિવરણમાં સમજાવતા શ્રીશતાનંદ સ્વામી મુદ્દાવાર વાચકોને ગહેરાઇમાં ઊતારે છે. ભગવાનના ભક્તોએ વાંચવા માંડેલી શ્રીમદ્ ભાગવત આદિક પુરાણોની કથા પ્રતિદિન નિયમવડે અને વિધિપૂર્વક સાંભળવી. આનો બીજો નિયમ એ છે કે, જો કોઇ સાંભળનારા હોય તો તેની આગળ પ્રતિદિન નિયમવડે વાંચવી અથવા એકલાજ પારાયણ કરવી.

પ્રત્યેક શબ્દ બ્રહ્મ, સદા સર્વદા અખંડ,
ના તેનો અંત, છે અનંત, ૐ થી ઉત્પત્તિ પર:બ્રહ્મ.
વાંચનથી મનન સળવળે, સળવળાટે બુદ્ધિ ઉત્કંઠિતે,
ચિત્ત ચંચળતા ત્યાગે, મન-બુદ્ધિ-ચિત્ત પ્રશાંતિ પામે.

ત્રીજો નિયમ છે, પ્રાકૃત ભાષામાં રચાયેલાં ભગવાનના ચરિત્રો કે ગુણાનુવાદના પ્રતિદિન નિયમવડે કીર્તનો કરવાં.

નિયમિત પ્રભુ પારાયણ, કરે જન્માંતર પાપ હરણ.

ચોથો નિયમ પંચામૃત સ્નાને કરીને મહાભિષેક-મહાનૈવેદ્ય તથા મહાઆરતી તેણે સહિત ભગવાનની મહાપૂજા પ્રતિદિન નિયમિત કરવી.

સંસ્કૃત, પ્રાકૃત ભાષાઓ મૂળ છે,
અન્ય સૌ ડાળીડાંખણાં ફળફૂલ છે.

પાંચમો નિયમ અદ્ભુત છે તે તો ભગવાનનો અષ્ટાક્ષર મંત્ર છે. જે ગુરુદત્ત હોઇ મૌનથી તેનો યથાવિધિ યથાશક્તિ અને નિયમપૂર્વક અને પ્રતિદિન જાપ કરવો.

એકથી આઠ અંકો છે ઉલટપુલટ,
અષ્ટાક્ષર મંત્ર જ માત્ર સુલજા સુલટ.

છઠ્ઠો નિયમ છે શ્રીવિષ્ણુસહસ્રનામ, જનમંગલ સ્તોત્ર, સર્વમંગલ સ્તોત્ર આદિક સ્તોત્રોના પાઠ વિધિપૂર્વક અને સંખ્યાને અનુસારે પ્રતિદિન નિયમપૂર્વક કરવા.

પરમાત્માના સ્તોત્ર પઠનમાં,
આધ્યાત્મિક પ્રાબલ્ય વિદ્યમાન.
અહંકારનું કરે ઉત્ખનન,
જીવ બને નિરામય નિરાભિનામ.

સાતમો નિયમ છે ૧૦૮ આદિકના નિયમવડે ભગવાનને પ્રતિદિન અવશ્યપણે પ્રદક્ષિણાઓ કરવી.

અનંત બ્રહ્માંડ લંબગોળ, પ્રભુ પ્રદક્ષિણા લંબવૃત્તગોળ.
સત્સંગી ચરણનું ચતુરાચરણ, ભક્તને કરાવે ભવતરણ.

આઠમો નિયમ છે-ભગવાનને સાષ્ટાંગ પ્રણામ પ્રતિદિન નિયમપૂર્વક કરવા.

- જો પગ ચડે મંદિર પગથિયે
- હાથ પાછા વડે સંસારથી
- ઢીંચણ વાઢકાપથી બચાવે
- હૃદય ધબકાર સ્વસ્થ બનાવે
- મસ્તક નમે મૂર્તિ ચરણે
- દૃષ્ટિ પ્રભુ દર્શન કરે
- મન માયાથી મુક્ત બને
- વાણી વરસાવે શ્રીહરિ શ્રીહરિ

પ્રદક્ષિણાની વાત પર એક પૌરાણિક કથા યાદ આવી ગઇ. શંકર-પાર્વતીના બે પુત્રો કાર્તિક સ્વામી અને ગણપતિજીમાં સૌથી પહેલાં સગાઇ કોની કરવી. ત્યારે માતા-પિતાએ તેમની સામે શરત મૂકી કે, બંને માંથી જે સમગ્ર બ્રહ્માંડની પ્રદક્ષિણા પહેલાં પૂરી કરી આવશે તેમની સગાઇ પ્રથમ થશે. ત્યારે કાર્તિક સ્વામી તો બીજી ક્ષણેજ ઉપડ્યા બ્રહ્માંડની પ્રદક્ષિણા કરવા અને ગણપતિજીએ તેમની ઝીણી આંખે અને સુપડકાને બુદ્ધિ વાપરી, માતા-પિતા શંકર-પાર્વતીજીને બેસાડીને તેમને સમગ્ર બ્રહ્માંડ સમજીને પ્રદક્ષિણા પૂરી કરીને રિદ્ધિ-સિદ્ધિને પરણી ગયા. તો સત્સંગીઓએ પણ પોતાની સૂક્ષ્મ બુદ્ધિ વાપરી માતા-પિતાની સેવા અને પ્રાણપ્રતિષ્ઠિત ભગવાનની પ્રદક્ષિણા કરીને અક્ષરધામને પ્રાપ્ત કરી લેવું જોઇએ.

આ આઠેય નિયમોમાં શ્રીજીમહારાજે તેમના વચન પ્રમાણે ભગવાનનો સંબંધ સ્થાપિત કર્યો છે. તેથી પોતે સત્સંગીઓએ ઇચ્છેલા ફળથી પણ અધિક ઉત્કૃષ્ટ ફળ પ્રાપ્ત કરી લેવું ઇચ્છનીય છે. તેથી આઠ નિયમોને અમે સર્વશ્રેષ્ઠ માનેલા છે. આ જ કારણથી આઠમાંથી કોઇપણ એક નિયમને શ્રેષ્ઠ માની ભગવાનની પ્રસન્નતાને માટે જ ધારણ કરવો પણ બીજા કોઇ લૌકિક ફળની પ્રાપ્તિને માટે આ નિયમ ધારણ કરવો નહિ.

# સંસ્થા સમાચાર

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર જિલ્લા યુવા મહોત્સવમાં પ્રથમ ક્રમે વિજય




યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગર પ્રાયોજિત જિલ્લા શિક્ષણ કચેરી ભુજ આયોજિત જિલ્લા યુવા મહોત્સવ ઓલ્ફ્રેડ હાઇસ્કૂલ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં અમારી શાળાએ લોકનૃત્ય (ખુલ્લો વિભાગ)માં ભાગ લઇ રાજસ્થાની લોકનૃત્ય રજૂકરી કલાનાં કામણ પાથરી ઉપસ્થિત સૌ મહાનુભવોને મંત્રમુગ્ધ કરી અવલ્લ સ્થાન મજબૂત કર્યું હતું.

આ સાથે તાલુકા કક્ષાએ સર્જનાત્મક કાર્યમાં દ્વિતીય, ભજન સ્પર્ધામાં દ્વિતીય અને હળવું હાર્મોનિયમમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

રાજગોર નેહલબેન અને ગોસ્વામી સ્વેનીબેને લોકનૃત્યમાં વિદ્યાર્થીનીઓને તૈયારી કરાવવામાં જહેમત ઉઠાવી હતી. ભુડિયા કુમુદબેન અને ગઢવી દેવૃત્તિબેને અનુક્રમે સર્જનાત્મક અને સંગીતની તૈયારી કરાવી હતી. આ તમામ દીકરીઓની સિદ્ધિઓને શ્રીસ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદદાસજી આદિ સર્વે સંતવૃંદો, પૂ.મહંત સામબાઇ ફઇ તથા સાંખ્યયોગી બહેનોએ આશિષ સહ શુભેચ્છા પાઠવી હતી. તથા શાળાના ટ્રસ્ટીમંડળના સર્વે સભ્યો, આચાર્યાશ્રી તેમજ શિક્ષકોએ આ સિદ્ધિને બિરદાવી હતી. ઉત્તરોત્તર પ્રગતિ કરી સિદ્ધિના સોપાનો સર કરી શાળાનું નામ રોશન કરતા રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

લોકનૃત્ય કૃતિ કચ્છનું પ્રતિનિધિત્વ કરવા રાજ્યકક્ષાએ યોજાનાર યુવા મહોત્સવમાં આગળ પ્રગતિનાં સોપાન સર કરે એવી શુભેચ્છા પાઠવી હતી.

## ભુજ શ્રીનરનારાયણદેવ તાબાનું નૂતન શ્રીસ્વામિનારાયણ મંદિર ચોબારી શિલાન્યાસ

ભુજ તાબાનું શ્રીસ્વામિનારાયણ મંદિર –



ચોબારી મધ્યે તા.૨૮-૮-૨૩ સોમવારના શ્રીઘનશ્યાનગર વિસ્તારમાં નૂતન સ્વામિનારાયણ મંદિરનો શિલાન્યાસવિધિ, ભુજ મંદિરના મહંત પ.પૂ.સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતો તથા યજમાન ઓસ્ટ્રેલિયા નિવાસી હિરાણી રમેશભાઇ, ધ.પ.રક્ષાબેન આદિ સહપરિવાર તથા દારેસલામ





નિવાસી કેરાઇ વાલજીભાઇ રવજી, ધ.પ.અમરબાઇ આદિ સહપરિવાર તથા ચોબારી ગામના ઠક્કર પરિવાર, આહિર પરિવારના ભક્તો સાથે મળી પૂજનવિધિમાં જોડાયા હતા. આ પ્રસંગે ભુજ મંદિરથી મોટી સંખ્યામાં સંતો પધારી આશીર્વાદ પાઠવ્યા હતા. વાગડ વિસ્તારના તમામ સાંખ્યયોગી બહેનો પધારી શોભા વધારી હતી. યથાશક્તિ બાઇ-ભાઇ સર્વે ભક્તજનોએ સેવા નોંધાવી હતી. તેમજ શિલા પૂજન કરી આશિષ મેળવી હતી.

સર્વ પ્રથમ ચોબારી ગામનું મંદિર સ.ગુ.મહંત સ્વામી અક્ષરજીવનદાસજીએ સંવત ૧૯૪૯ માં નિર્માણ કરી મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરાવેલ હતી. સમય જતાં ૭૮ વર્ષ દરમિયાન સત્સંગ-ભજન ખૂબ થતાં રહ્યાં. મંદિર જીર્ણ થતાં પુનઃ ભાઇઓ-બાઇઓના બંને મંદિરોના નિર્માણ સંવત ૨૦૨૭ માં સ.ગુ.સ્વામી હરિપ્રસાદદાસજી તથા સ.ગુ.સ્વામી ભગવદ્સ્વરૂપ દાસજીએ તૈયાર કરાવી મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી ઉત્સવ ઉજવ્યો હતો. ભક્તો સત્સંગ-ભજન કરતા હતા.

સમય જતાં ઇ.સ.૨૦૦૧માં વિનાશક ભૂકંપમાં બંને મંદિરો ધ્વંસ્ત થતાં તે વખતે ચોબારી ગામનું અસ્તિત્વ જ ભૂંસાઇ ગયું હતું. ત્યારે ફરીવાર ઘનશ્યામનગર વિસ્તારમાં નાનું મંદિર બનાવવામાં આવ્યું. પરંતુ મંદિરમાં સંકડાશને લીધે સંતો તથા બહેનો માટે અગવડતા હોવાથી મહંત સ્વામીની સંમતિ લઇ ।જે તા.૨૮-૮-૨૩ ના વર્તમાન મહંત સ્વામી આદિ સંતો તથા યજમાનશ્રીઓના વરદ્ હસ્તે વેદોક્ત મંત્રોચ્ચાર સાથે શિલાન્યાસવિધિ સંપન્ન કરવામાં આવ્યો.

ઉત્સવ સમાપ્તિ બાદ તમામ સંતો-સાંખ્યયોગી બહેનો અને હરિભક્તો ભાઇ-બાઇ સર્વેને ભોજન પ્રસાદ આપવામાં આવ્યો હતો. વ્યવસ્થા પુરાણી સ્વામી નીલકંઠચરણદાસજીએ સંભાળી હતી. કથા વાંચન સ્વામી દેવપ્રસાદદાસજીએ કર્યું હતું. સભા સંચાલન સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ સંભાળ્યું હતું.

અ.સ્વામી ભક્તિપ્રિયદાસજી

## પ્રસાદી મંદિર માંડવીનો સત્સંગ પ્રવાસ

શ્રીનરનારાયણદેવની અસીમ કૃપાથી આપણાં મંદિરોમાં અનેકવિધ પ્રવૃત્તિઓ યોજાય છે. તાજેતરમાં શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિર માંડવી દ્વારા શ્રીઘનશ્યામ બાલમંડળનો સત્સંગ પ્રવાસ યોજવામાં આવેલ.

માંડવી મંદિરના મહંત સ.ગુ.પુરાણી સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, કોઠારી સ્વામી શ્રીજીનંદન દાસજી, ભુજ મંદિરના વડીલ સંત સદ્ગુરુ સ્વામી હરિબળદાસજી આદિ સંતોના માર્ગદર્શન અને આશીર્વાદથી શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિર માંડવી ૮૨ બાળકોનો પ્રવાસ યોજાયો હતો.

શ્રાવણ માસ નિમિત્તે પ્રસાદી મંદિર માંડવી શહેરમાં સત્સંગ, દેવદર્શન, ભજન, કીર્તન વગેરે યોજવામાં આવ્યાં હતાં. બાળકોમાં આધ્યાત્મિકનું સંવર્ધન થાય તે માટે સત્સંગ પ્રવાસ યોજવામાં આવેલ. એકાદશીના શુભ દિવસે માંડવીથી ડોણ જ્યોતેશ્વર મંદિર પ્રસાદીની જગ્યા, જ્યોતેશ્વર ડેમ, બિલેશ્વર મંદિર, રામપર-ગંગાજી, ભુજ પ્રસાદી મંદિર, મુખ્ય મંદિર, અંજાર મંદિર, ગાંધીધામ ગુરુકુળ, મુન્દ્રા આદિ સ્થળો માર્ગમાં આવતા પ્રસાદીના સરોવરમાં સ્નાન, હિંડોળા દર્શન, ૧૨ જ્યોતિર્લિંગ, ૭ ડી ના કાર્યક્રમમાં ચારધામની ઝાંખી આદિનો આનંદ માણી ધન્યતા અનુભવી હતી.

## માંડવી પ્રસાદી મંદિરે જન્માષ્ટમી ઉત્સવની ઉજવણી






પારણે ઝુલાવ્યા બાદ શહેરના બહેનો ભક્તોએ સાંખ્યયોગી બહેનો સાથે રાસોત્સવનો લાભ લીધો હતો. આ કાર્યક્રમના યજમાનપદે માંડવી શહેરના ભગવતીબેન વલ્લભરામ ગણાત્રા પરિવાર રહ્યા હતા. સાંખ્યયોગી બહેનો દ્વારા સર્વે ભક્તોને આશીર્વાદ આપી યજમાન ભગવતીબેનનું સન્માન કરવામાં આવ્યું હતું.

અ.ડો.નિર્મલભાઇ

## ખોખરા-ચંદ્રનગર બાલ-બાલિકા મંડળ સત્સંગ પ્રવાસ

સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજીની પ્રેરણા અને આશીર્વાદથી હરિભક્તો અને દાતાઓના સહયોગથી જગદ્‌ગુરુ રામાનંદ સ્વામીના પ્રસાદીભુત સ્થાન ગામ ખોખરા-ચંદ્રનગરના બાલ-બાલિકાઓનો એકાદશીના પવિત્ર દિવસે સત્સંગ પ્રવાસ યોજવામાં આવેલ.

આ સત્સંગ પ્રવાસમાં અનેક પવિત્ર સ્થળોનાં દર્શન કરેલ. સૌ પ્રથમ ભગવાન શ્રીરામચંદ્રના પાવર ચરણોથી અંકિત ધ્રબુડી(ભુગુ આશ્રમ)ના દર્શન કરી ત્યાંથી શ્યામજીકૃષ્ણવર્મા સ્મારકની મુલાકાત લીધી.





માંડવીમાં શ્રીવૃન્દાવનવિહારી હરિકૃષ્ણમહારાજના દર્શન કર્યા. માંડવી મંદિરમાં ભોજન પ્રસાદ ગ્રહણ કર્યો.

માંડવી મંદિરના મહંત સ.ગુ.સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, કોઠારી સ્વામી શ્રીજીનંદન દાસજીના આશીર્વાદ મેળવી ત્યાંથી જુદા જુદા પવિત્ર સ્થળોનાં દર્શન માટે પ્રસ્થાન કર્યું.

માર્ગમાં જયોતેશ્વર મહાદેવ, બિલેશ્વર મહાદેવ, રામપર-ગંગાજી, ભુજ મંદિરના દેવોના



દર્શન, હિંડોળા દર્શન, પ્રસાદી મંદિર, અંજાર મંદિરના ઠાકોરજીના દર્શન ત્યાં પણ હિંડોળા દર્શન આદિ સ્થળોના દર્શન કરીને ધન્યતા અનુભવી.

સદ્‌ગુરુ સ્વામી માધવપ્રસાદદાસજી બાળકોના સત્સંગ પ્રવાસ અંગે જાણીને અતિશય આનંદિત થયા, ત્યાં સૌ બાળકોએ પ્રસાદ લીધો. રાત્રે પ્રવાસ પૂર્ણ થયો. આ રીતે થાક સાથે આનંદની ક્ષણો માણીને પ્રવાસની સમાપ્તિ થઇ હતી.

## ચંદ્રનગર (ખોખરા) શ્રીસ્વામિનારાયણ મંદિરે જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી

ચંદ્રનગર (ખોખરા) શ્રીસ્વામિનારાયણ મંદિરે પ્રથમ વખત યુવતીઓ દ્વારા શ્રીકૃષ્ણ જન્મોત્સવ તથા મટકીફોડ ઉજવાયો. પ્રસાદીના ગામે મંદિરના ચોકમાં જન્માષ્ટમી નિમિતે કૃષ્ણ જન્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બહોળી સંખ્યામાં ગ્રામજનોએ ભાગ લીધો. વિશેષ



કરીને બહેનોની સંખ્યા હતી. રાતે ૧૦ વાગ્યે સંગીત અને ઢોલના તાલ સાથે ગામના જ કલાકારો સામજીભાઇ આહિર અને તેમની ટીમ સાથે રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું.

ત્યારબાદ મંદિરના ચોકમાં યુવતીઓ દ્વારા મટકીફોડનો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો. જેમાં રાતે ૧૨ વાગ્યે કૃષ્ણ જન્મની ખુશાલીમાં મટકી ફોડવામાં આવી. ત્યારબાદ નાના બાળકને કૃષ્ણ બનાવી છાબમાં બેસાડી, છાબ વસુદેવના મસ્તકે ધારણ કરી



મંદિરમાં આનંદભેર ઉજવણી થઇ. નવા આવેલા પારણિયામાં બાલકૃષ્ણને પધરાવી મહાઆરતી કરવામાં આવી. ત્યારબાદ જન્મોત્સવની ખુશાલીમાં પંજરી અને ચેવડો તથા ગુલાબપાકનો પ્રસાદ વહેંચવામાં આવ્યો. છ દિવસ સુધી નિત્ય બાલકૃષ્ણને પારણિયામાં ઝુલાવી આરતી કરવામાં આવેલ. આ ઉત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયો.

અ.-સુમનભાઇ પટેલ

## ભચાઉ-નવાગામ હિંડોળા ઉત્સવ

નવાગામ ભચાઉ શ્રીસ્વામિનારાયણ મંદિર તા.૪-૭-૨૩ થી ૧-૯-૨૩ સુધી હિંડોળા મહોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયો. મહોત્સવની શુભ શરૂઆત સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજીના મંડળના સંતો પધારી આરતી ઉતારી આશીર્વાદ આપીને દર્શન ખુલ્લા મૂક્યા હતા. પુરુષોત્તમમાસ તથા શ્રાવણમાસ બે મહિના સુધી મહોત્સવ ચાલ્યો. હજારો હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. આ મહોત્સવના યજમાન બની અનેક ભક્તોએ લાભ લીધો હતો. હિંડોળા મહોત્સવની સેવામાં પ.ભ.દામજીભાઇ કરશન ખુથીયા, હરિલાલભાઇ ધનજી ખુથીયા, ઉમેદલાલ વેલજી નીસર, રમેશ મારાજ પુજારી, બાબુભાઇ જીવા કોળી વગેરે ભાવિક ભક્તોએ પોતાની સૂઝબુઝથી ખૂબ સરસ હિંડોળા ડિઝાઇનો બનાવી હતી. હિંડોળાના દર્શન માટે રાપરથી મહંત સાંખ્યયોગી રમીલાબાઇ મંડળ સહિત તથા સદ્‌ગુરુ સ્વામી અક્ષરપ્રકાશદાસજી તથા સ્વામી નિર્ભયચરણદાસજી વગેરે સંતો દર્શન કરવા પધાર્યા હતા. આ મહોત્સવમાં મનસુખભાઇ ઠક્કર કચ્છમિત્ર પ્રેસ, દિવ્યભાસ્કર મીડીયા મયુરભાઇ ઠક્કર, મા આશાપુરા ન્યુઝ ચેનલ સાથ સહકાર આપ્યો હતો.

અ.ઉમેદલાલ વેલજી નીસર

## સત્સંગ ભવન ઇન્દોર મધ્યે જન્માષ્ટમી ઉત્સવ

તા.૭-૯-૨૦૨૩ ના રોજ શ્રીસ્વામિનારાયણ સત્સંગ ભવન ઇન્દોરમાં જન્માષ્ટમીનો ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો. ઉત્સવની તૈયારી કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના યુવાનો તથા યુવતીઓ દ્વારા કરવામાં આવી હતી. ઉત્સવમાં મંદિરને શણગારમાં આવ્યું હતું અને સિંહાસન પાસે



યુવતીઓ દ્વારા વિશેષ શણગાર કરવામાં આવ્યા હતા. તે બદલ સત્સંગ ભવન સંચાલિત મસિતિ દ્વારા યુવતીઓને બિરદાવવામાં આવેલ. ઉત્સવનું યજમાનપદનો લાભ પ.ભ.રમેશભાઇ અરજણભાઇ પોકાર, પુત્ર કિશોરભાઇ, જીતેનભાઇ, પંકજભાઇ, પૌત્ર નૌતમ અને હિત દ્વારા લેવામાં આવ્યો હતો. જન્માષ્ટમીના સવારના આર.એસ.એસ. ના ભગતસિંહ નાગર શાખાના ૨૫ યુવાનો દ્વારા ૧ કલાક સુધી વાજિંત્ર-ઘોષ વગાડીને ઠાકોરજીને રાજી



કર્યા હતા. મંદિરે સવારથીજ મોટી સંખ્યામાં પધારી હરિભક્તોએ ઠાકોરજીના દર્શનનો લાભ લીધો હતો. અને રાત્રે સર્વે હરિભક્તો દ્વારા વાજિંત્ર સહિત કીર્તન ગાવામાં આવ્યા હતાં અને રાત્રે ૧૨ કલાકે શ્રીકૃષ્ણ ભગવાનને પારણામાં ઝૂલાવામાં આવ્યા, ત્યારબાદ યજમાનો દ્વારા પ્રાગટ્યની આરતી ઉતારવામાં આવી અને પ્રસાદરૂપ પંજરીનું વિતરણ કરવામાં આવ્યું આવી રીતે સર્વે હરિભક્તો દ્વારા ખૂબજ ધામધૂમથી જન્મોત્સવ ઉજવવામાં આવ્યો.

## હિંડોળા ઉત્સવ

શ્રીસત્સંગ ભવન ઇન્દોરમાં તા.૪-૭-૨૦૨૩ થી હિંડોળાનો પ્રારંભ કરવામાં આવ્યો જેમાં હિંડોળાની તૈયારી કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના યુવાનો તથા યુવતીઓ અને હરિભક્તો દ્વારા કરવામાં આવી હતી અને દરરોજ વિવિધ પ્રકારના હિંડોળા બનાવવામાં આવ્યા હતા. અને આ હિંડોળા દર્શનનો લહાવો અનેક હરિભક્તોએ લીધો. હિંડોળા ઉત્સવનું યજમાનપદ પ.ભ.નારાયણભાઇ હરજીભાઇ ભાવાણી, પુત્ર અરવિંદભાઇ, પૌત્ર વ્રજેશભાઇ દ્વારા સ્વીકારવામાં આવ્યું હતું. હિંડોળા મહોત્સનો પ્રારંભ યજમાનશ્રી દ્વારા આરતી ઉતારીને કરવામાં આવ્યો હતો. આવી રીતે સત્સંગ ભવન ઇન્દોર દ્વારા દરેક ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવે છે.

અ.કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ-ઇન્દોર(મ.પ્ર)

## ભુજ શ્રીનરનારાયણદેવ તાબાનું ગામ નિંગાળ શ્રીસ્વામિનારાયણ મંદિરમાં સત્સંગ સભાનું આયોજન

તા.૩-૯-૨૦૨૩ ને રવિવારના બપોરપછી ૪ થી ૬ વાગ્યા સુધી સત્સંગસભાનું આયોજન કરવામાં આવ્યું. આ સભામાં માંડવીથી ચારેકાંધાના વિસ્તારોમાંથી બહોળા પ્રમાણમાં હરિભક્તો પધાર્યા હતા. સભાની શરૂઆત માંડવીના ભક્તોએ વાંજિત્રો સાથે ઉત્સવના પદો -કીર્તનો બોલી સભાને પ્રભુ આનંદમાં નિમગ્ન કરીને સુંદર આનંદમય માહોલનું સર્જન કર્યું હતું.

ત્યારબાદ ગવૈયા સ્વામી શ્રીજીનંદનદાસજી અને સ્વામી વ્રજવિહારીદાસજી, સ્વામી નિર્ભયજીવન દાસજીએ સત્સંગમાં ભજનાનંદી ભક્તોના જીવનની વાતો કરી આ મળેલા માનવદેહની સાર્થકતા થાય એવો બોધ આપી ભક્તોને રાજી કર્યા હતા. છેલ્લે સદ્ગુરુ પૂ.સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીએ અંતરના રૂડા આશીર્વાદ આપી નિંગાળના ભક્તોને પ્રભુ દર્શન અને કથાવાર્તાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

આ સત્સંગસભામાં નિંગાળના સત્સંગી બહેનોને ઉત્સાહ જગાડવા માટે નારાણપર ની.વા., માંડવી તેમજ ધાણેટીથી સાંખ્યયોગી બહેનો મોટા પ્રમાણમાં પધાર્યા હતા. અને સ્થાનિક સાંખ્યયોગી બહેનોએ ઠાકોરજીની આગળ વિવિધ ફળોની સુંદર ગોઠવણી કરી ફળકૂટોત્સવના દર્શન કરાવ્યા હતા.

વિવિધ ફળોના તથા સાંખ્યયોગી બહેનોને દક્ષિણારૂપે કાપડાના યજમાનપદે ગામ જખણીયા–માંડવીના પ.ભ. હાલે નૈરોબી રહેતા ઝીણાભાઇ દેવજી રાજાણી રહ્યા હતા. સાંખ્યયોગી બહેનો અને સંતોને પૂજામાં ધરવા નૈવેદ્યના યજમાન ગામ ગોધરાના પ.ભ.રવજીભાઇ મેઘજી હાલાઇ સપરિવાર રહ્યા હતા. અને સંતો અને સાંખ્યયોગી બહેનોને તુલસીની કંઠી અર્પણ કરી પ.ભ. માવજીભાઇ લક્ષ્મણ રાબડીયાએ રાજીપો મેળવ્યો હતો. મહાઆરતીના યજમાન માંડવીના પ.ભ. રાજકુમારભાઇ રહ્યા હતા. તમામ નાના મોટા હરિભક્તોને પ્રસાદ વિતરણના યજમાન ગામ વાડાસરના ગં.સ્વ.લક્ષ્મીબેન રવજી રાબડીયા રહ્યા હતા.

આ સભામાં ધાણેટી, વાડાસર, ખંભરાથી પણ હરિભક્તોએ હાજરી આપી સભાની શોભા વધારી હતી. માંડવીના તમામ ભક્તોને માંડવીથી નિંગાળ આવવા જવાની વ્યવસ્થામાં બસની સેવા પ.ભ. દેવજીભાઇ જાદવા છભાડીયા સ્વામિનારાયણ ટ્રાવેલ્સના ડાઇરેક્ટરની રહી હતી. સંતોને આવવા જવાની વ્યવસ્થા પ.ભ. પ્રેમજીભાઇ લક્ષ્મણ હાલાઇએ કરી હતી. તમામ યજમાનોને સદ્‌ગુરુ પૂ.સ્વામી કૃષ્ણપ્રસાદદાસજીએ અંતરના રૂડા આશીર્વાદ સાથે ફૂલ કે ફૂલની પાંખડીરૂપે પહેરામણી કરી નવાજ્યા હતા.

છેલ્લે પ.ભ.વાલાભાઇ હુંબલે આભારવિધિ કર્યો હતો. અંતે મહાઆરતી કરી ધૂન અને પ્રસાદના વિતરણ સાથે સહુ છૂટા પડ્યા હતા.

અ.જતીનભાઇ હુંબલ

## અંજાર શ્રીસ્વામિનારાયણ મંદિર ખાતે ઉજવાયેલ વિવિધ ઉત્સવો

જેઠ સુદ–૫ તા.૨૪–૫–૨૦૨૩ ના રોજ સદ્‌ગુરુ પુ.સ્વામી કેશવજીવનદાસજી આદિ સંતમંડળનું આગમન થયા બાદ નીચે મુજબ વિવિધ ઉત્સવો ઉજવાયા હતા.

હિરના હિંડોળા તથા છડી શો : ઐતિહાસિક અંજાર શ્રીસ્વામિનારાયણ મંદિરના સદ્‌ગુરુ સ્વામી સનાતનદાસજી, મહંત સદ્‌ગુરુ પુ.સ્વામી કેશવજીવનદાસજી, સદ્‌ગુરુ પુ.સ્વામી માધવપ્રસાદાસજી, શા.સ્વામી સૂર્યપ્રકાશદાસજી, પુ.સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી, કોઠારી શા.સ્વામી શુકદેવસ્વરૂપદાસજી, કોઠારી શા.સ્વામી શૌનકમુનિ દાસજી આદિ સંતમંડળના શુભ સંકલ્પથી વિશેષ કલાત્મક હિરના હિંડોળા તથા છડી શો સૌ સંતો તથા ભક્તોએ સાથે મળીને બનાવ્યા હતા.

ઉદ્‌ઘાટન ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુ.સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતો, અંજાર મંદિરના સદ્‌ગુરુ સ્વામી સનાતનદાસજી, મહંત સદ્‌ગુરુ પુ.સ્વામી કેશવજીવન દાસજી, સદ્‌ગુરુ પુ.સ્વામી માધવપ્રસાદદાસજી, સદ્‌ગુરુ શા.સ્વામી સૂર્યપ્રકાશદાસજી આદિ સદ્‌ગુરુ સંતો તથા દાતાશ્રીઓના વરદ્ હસ્તે થયેલ. હરિભક્તોએ મોટી સંખ્યામાં બે માસ તા.૪–૭– થી તા.૧–૯–૨૦૨૩ સુધી લાભ લીધેલ.

હોમાત્મક મહાપૂજા તથા મહાઅનુષ્ઠાન : સંવત–૨૦૭૯ અધિક શ્રાવણ સુદ–૧ તા.૧૮–૭–૨૦૨૩ થી અધિક શ્રાવણ વદ–૩૦ (અમાસ), તા.૧૬–૮–૨૦૨૩ સુધી યોજાયેલ. જેનો સમય સવારે ૭–૩૦ થી સાંજે ૩–૩૦ સુધીનો રહેલ. ચોવીસી તથા સ્થાનિક ભક્તો આ યજ્ઞમાં જોડાયેલ. સમગ્ર વાતાવરણ ભક્તિસભર બનેલ. કોઠારી શા.સ્વામી શૌનકમુનિ દાસજી તથા પુ.સ્વામી વ્યાસસ્વરૂપદાસજી આદિ સંતો તથા ભક્તોએ ખૂબ મહેનત કરી હતી.

સહસ્ર કળશ અભિષેક : તા.૧૮–૮–થી તા.૨૦–૮–૨૦૨૩ સુધી સહસ્ર કળશ અભિષેક યોજાયેલ. તેમાં તા.૧૮–૮–૨૩ના સહસ્ર કળશ અભિષેક પ્રસંગે ભવ્ય શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગ પર સાંજે વાગ્યેથી વાજીંત્રો સહિત વાજતે ગાજતે હાથી ઘોડા સાથે નીકળેલ હતી. તથા હજાર કળશ દ્વારા કચ્છ સત્સંગમાં પ્રથમ વખત વિવિધ ઔષધિઓના અભિષેક બે દિવસ સુધી યોજાયેલ. જેમાં અસંખ્ય ભૂદેવો દ્વારા વિધિ થયેલ તથા સંતો–ભક્તો જાડાયેલ.

શ્રીકૃષ્ણ જન્મોત્સવ :તા.૭–૯–૨૩ના જન્માષ્ટમી પ્રસંગે ધૂન–કીર્તન, સંતોના આશીર્વાદ, મહાઆરતી તથા મટકીફોડ વગેરે આયોજનના સથવારે નંદનંદન ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવાયેલ.

ચાતુર્માસ દરમિયાન શ્રીશિક્ષાપત્રી ભાષ્ય તથા શ્રીમદ્‌ભાગવત કથા : ચાતુર્માસ દરમિયાન

શ્રીશિક્ષાપત્રી ભાષ્ય તથા શ્રીમદ્ભાગવત કથાનું આયોજન અંજારમાં થયું. જેમાં સવારે શ્રીમદ્ શિક્ષાપત્રી ભાષ્યની કથા સવારે ૭થી ૭–૪૫ તથા સાંજે શ્રીમદ્ ભાગવતની કથા ૬–૪૫ થી ૭–૩૦ કરવામાં આવેલ. યજમાનો દ્વારા બંને સમયે કથાની આરતી ઉતારવામાં આવતી. શ્રીમદ્ શિક્ષાપત્રી ભાષ્યની કથાના વક્તા કોઠારી શા.સ્વામી સદ્ગુણસ્વરૂપ દાસજીએ શ્રોતાજનોને મંત્રમુગ્ધ કર્યા હતા. બપોરપછી પુ.સ્વામી વ્યાસસ્વરૂપદાસજીએ ભાગવત કથા માહાત્મ્ય સહિત સંભળાવ્યું હતું.

શનિવારે સત્સંગસુધા સભા : દર શનિવારે રાત્રી સત્સંગસુધા યોજાય છે તથા ભાઇઓ અને બહેનો મોટી સંખ્યામાં લાભ લે છે. તથા સભા બાદ ભોજન પ્રસાદ લઇને છૂટા પડે છે. તથા એ નોંધવું ઘટે કે સંતો દરરોજ શહેરની વિવિધ સોસાયટી તથા આસપાસના ગામોમાં બે ટીમ બનાવી દરરોજ રાત્રી સત્સંગ કરાવે છે. જેને લીધે સત્સંગીઓની સંખ્યા દિવસ રાત વધે છે. આ શુભ અણમોલ પ્રસંગો નિહાળવા અને દર્શનનો લાભ લેવા સર્વે ધર્મપ્રેમી જનતા આમંત્રણને માન આપી બહોળી સંખ્યામાં જોડાયેલ અનેકાનેક કાર્યક્રમોને સફળ બનાવવા કોઠારી શા.સ્વામી શુકદેવસ્વરૂપદાસજી, કોઠારી શા.સ્વામી શૌનકમુનિદાસજી આદિ સંતો તથા સાંખ્યયોગી બહેનો તથા મંદિરની કાર્યવાહક કમીટીના સભ્યો તેમજ હરિભક્તો તથા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક–યુવતી મંડળના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

અ.મેહુલભાઇ પ્રવિણભાઇ ઠક્કર મહેતાજી અંજાર

## રેન્જ કક્ષાએ ઇન્ટર સ્કૂલ બેન્ડ સ્પર્ધામાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓની ગૌરવભેર જીત

રેન્જ કક્ષાએ ઇન્ટર સ્કૂલ બેન્ડ સ્પર્ધામાં ભુજ શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓએ ભાગ લીધો હતો. જેમાં સમગ્ર ઝોનની રેન્જમાં દીકરીઓએ ઉત્કૃષ્ઠ પ્રતિભા દાખવી પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો.

આ તમામ દીકરીઓને તેમજ તૈયારી કરાવનાર શિક્ષિકા પૂજાબેન ગોરનો



શ્રીસ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજી તથા મંદિરના સર્વ સંતવૃંદોએ આશિષ સહ શુભેચ્છા પાઠવી હતી. શાળાના ટ્રસ્ટી મંડળના સર્વે સભ્યો, આચાર્યશ્રી તેમજ શિક્ષકોએ આ સિદ્ધિને બિરદાવી હતી અને ઉત્તરોતર પ્રગતિ કરી સિદ્ધિના સોપાનો સર કરી શાળાનું નામ રોશન કરતા રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

## ચંદ્ર ગ્રહણ ભારતમાં દેખાશે

સંવત્–૨૦૭૯ આસો સુદ–૧૫ શનિવાર, તા.૨૮/૨૯–૧૦–૨૦૨૩ના રોજ થનાર ખંડગ્રાસ ચંદ્ર ગ્રહણ સંપૂર્ણ ભારત, એશિયા, ઓસ્ટ્રેલિયા,પૂર્વ અમેરિકા, યુરોપ અને આફ્રિકાના દેશોમાં દેખાશે. તો આ ગ્રહણ જે દેશમાં જે સમયે દેખાય ત્યાં ત્યાંના સમય પ્રમાણે પાળવું.

ભારતમાં ગ્રહણનો સ્પર્શ તા.૨૯–૧૦–૨૦૨૩
પ્રારંભ રાત્રે–વહેલી સવારે ૧–૦૫ મિનિટે થશે.
મોક્ષ રાત્રે–વહેલી સવારે ૨–૨૨ મિનિટે થશે.

ગ્રહણનો વેધ તા.૨૮–૧૦–૨૦૨૩ બપોરે ૩–૨૪ મિનિટે થશે. ત્યારપછી ભોજન કરવું નહિં. ગ્રહણનો મોક્ષ થયા પછી સ્નાન, પૂજન, દાન વગેરે કરીને ભોજન થશે.

બાળકો, રોગી, અતિ અશક્ત, અતિ વૃદ્ધોએ ગ્રહણના સ્પર્શ પહેલાં રાત્રે ૯–૨૫ સુધી જમી લેવું ત્યારપછી કાંઇ લેવું નહિં.

તા.૭–૯–૨૦૨૩ શ્રાવણ દ–૮ નંદનંદન શ્રીકૃષ્ણના જન્મદીવસે સવારે શ્રીશિક્ષાપત્રી ભાષ્ય અને શ્રીમદ્‌ભાગવત કથાની પુર્ણાહૂતિ કરવામાં આવી હતી. સાંજે ૮ વાગ્યે ભજન સંધ્યાનો કાર્યક્રમ, શ્રીકૃષ્ણ પ્રાગટ્ય કથા, રાસોત્સવ બાદ ૧૨ કલાકે જન્મોત્સવની આરતી કરવામાં આવી હતી. યશસ્વી યજમાન પ.ભ.રવજી મુરજી નોર, સરદાર નગર રહ્યા હતા. શ્રીઘનશ્યામ બાલમંડળના બાળકો દ્વારા મટકીફોડ કાર્યક્રમ થયો હતો અને આજે રજત જયંતી ઉપક્રમે એક પરિવાર આદર્શ પરિવાર અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી.



## ભુજ શ્રીઘનશ્યામ બાલમંડળના બાળકો દ્વારા શ્રીગણેશોત્સવ

તા.૨૪–૯–૨૦૨૩ ના રોજ શ્રીઘનશ્યામ બાલમંડળના બાળકો દ્વારા ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના સભામંડપમાં વિઘ્નવિનાયકદેવ શ્રીગણેશજીનો ઉત્સવ મનાવવામાં આવ્યો હતો. ભુજના બાળ મંડળના બાળકો વેશભૂષામાં સજ્જ થઇ નિજ મંદિર ઠાકોરજીના સાંનિધ્યમાં વાજીંત્રો સાથે સંગીતની શૂરાવલીઓ સાથે ગણપતિજીની શોભાયાત્રા શરૂ કરવામાં આવી. મંદિરના પરિસરમાંથી બહેનોના મંદિરમાં પધાર્યા હતા ત્યાં મંદિરમાં રહેતાં સાંખ્યયોગી મહંત સામબાઇ ફઇ આદિ તમામ બહેનો, બાલિકાઓ ગણપતિજીને ફૂલડે વધાવી આરતી ઉતારી હતી. ગણપતિજીને લાડુ જમાડીને વાજતે ગાજતે સભામંડપમાં પધરાવવામાં આવ્યાં હતા. અહીં બાળકો ઉત્સાહભેર આનંદ કિલ્લોલ સાથે 'ગણપતિ બાપા મોરીયા'ના નારાઓ ઉચ્ચાર્યા હતા.

સભામંડપમાં સંતોએ શીવપુત્ર ગણેશને પુષ્પવૃષ્ટિથી વધાવ્યા હતા. બાળકોએ પોતાની કાલીઘેલી ભાષામાં વાર્તાઓ કરી હતી. પ્રાસંગિક ઉદ્‌બોધન, આશીર્વચનો શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, કોઠારી સ્વામી દેવવિહારીદાસજી વિગેરે સંતો આપી ઉપસ્થિત બાળકોને ઇનામ આપી નવાજ્યા હતા.

શ્રીગણેશજીના મંડપને કેળના સ્થંભો તથા અન્ય સામગ્રીથી શુશોભિત કરવામાં આવેલ. બાલમંડળના બાળકો દ્વારા રવિવાર સવારથી બપોરે બાર વાગ્યા સુધી આ ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. ઉત્સવ સમાપ્તિ બાદ દરેક બાળકોને પ્રસાદ આપવામાં આવ્યો હતો. સંગીતકાર સ્વામી વાસુદેવપ્રિયદાસજીએ ઉત્સવનું આયોજન ગોઠવ્યું હતું.

ભુજ મંદિરમાં ચાલતા શ્રીઘનશ્યામ બાલમંડળમાં દર રવિવારે આસરે ૧૫૦ બાળકો ભાગ લે છે. આ બાળકોને સંતો દ્વારા જુદા જુદા કાર્યક્રમો, રમત–ગમત, કીર્તન ગાન, પ્રવાસ વિગેરેના માધ્યમથી નવી નવી પ્રવૃતિઓ દ્વારા સુસંસ્કારોનું સિંચન થાય છે.

અ.સંચાલક શ્રી, બાળમંડળ–ભુજ


# શ્રીસ્વામિનારાયણ નૂતન મંદિર
# પ્રતિષ્ઠા મહોત્સવ-અંજાર

| પ્રારંભ : | મૂર્તિ પ્રતિષ્ઠા : | પુર્ણાહૂતિ : |
| --- | --- | --- |
| ચૈત્ર સુદ–૧, તા. ૯/૪/૨૦૨૪ | ચૈત્ર સુદ–૬, તા. ૧૪/૪/૨૦૨૪ | ચૈત્ર સુદ–૭, તા. ૧૫/૪/૨૦૨૪ |

# સત્સંગ સમાચાર-દેશ

## ભુજ મંદિર દ્વારા ૪૪ મો મેડિકલ કેમ્પ



ભુજ મંદિરના વડીલ સંત સદ્‌ગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજીની પુણ્ય સ્મૃતિમાં ભુજ મંદિર દ્વારા વાગડ વિસ્તારના જરૂરિયાતમંદ લોકો માટે રાપર ગુરુકુળ મધ્યે તા.૧૭-૯-૨૦૨૩ રવિવારે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગત ફેબ્રુઆરી-માર્ચ-એપ્રિલ દરમિયાન ૫ કેટલાક વર્ષોથી અલગ અલગ હોસ્પિટલોના માધ્યમે ૪૩ કેમ્પો કરેલ. આ ૪૪ મો કેમ્પ રાપરમાં યોજાયેલ જેમાં હાડકા, નાક-કાન-ગળા, હૃદય, ડાયાબિટિશ, ચામડી, આંખ તેમજ તપાસ સાથે ફિઝીયોથેરાપી વિભાગમાં ૧ હજારથી વધુ દર્દીઓ




મેગા મેડિકલ કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. જેમાં ૨૧ હજારથી વધુ દર્દીઓ લાભાન્વિત થયા હતા. આ રીતે ભુજ મંદિર દ્વારા પાછલાં લાભ લીધો હતો. ભુજના નિષ્ણાંત ડોકટરોએ પોતાની સેવા આપી દર્દીઓનું નિદાન તથા સારવારની સૂચના સાથે દવાઓ સ્થાનિકે






આપવામાં આવી હતી. અને જેમને ઓપરેશનની જરૂર હશે એમના ઓપરેશનો પણ કરવામાં આવશે.

આ પ્રસંગે વડાપ્રધાન શ્રીનરેન્દ્ર મોદીજીનો આજ જન્મદિવસ હોવાથી ગુરુકુળમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ભુજ મંદિરથી સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવન દાસજી, સદ્‌ગુરુ સ્વામી સ્વયંપ્રકાશદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, સ્વામી મુક્તવલ્લભ દાસજી, શા.સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી આદિ મોટી સંખ્યામાં સંતો તેમજ રાપર વિસ્તારના ધારાસભ્ય શ્રીવિરેન્દ્રસિંહ જાડેજા અન્ય સ્થાનિક રાજકીય, સામાજિક, ધાર્મિક સંસ્થાના પ્રતિનિધિઓ તેમજ બી.એસ.એફ.ના સૈનિકો પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત સૌ મહેમાનોનું સ્વાગત પુષ્પહારની સાથે શા.સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજીએ શાબ્દિક સ્વાગત કર્યું હતું. સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણ દાસજીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સેવામાં જોડાયેલા બળદિયાના સ્વયંસેવકો તથા સ્થાનિક કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પધારેલ મહેમાનોને રાપર મંદિરના મહંત સાંખ્યયોગી રમીલાબાઇ આદિ સાંખ્યયોગી બહેનોએ આવકાર્યા હતા. કાર્યક્રમ સંચાલન શા.સ્વામી અક્ષરપ્રિય દાસજીએ સંભાળ્યું હતું. વ્યવસ્થા પિયાવા શ્રીસ્વામિનારાયણ હોસ્પિટલ દ્વારા ગોઠવાઇ હતી.

## શ્રીસહજાનંદ ગુરુકુળ માનકુવા

શ્રીસહજાનંદ ગુરુકુળ માનકુવા સંચાલિત શ્રીપુરુષોત્તમ વિદ્યાલય ગુજરાતી માધ્યમ અને એસ.એસ.જી.એમ. અંગ્રેજી માધ્યમના શિક્ષિકા બહેનો તેમજ વિદ્યાર્થીનીઓ દ્વારા સરહદ પર ફરજ નિભાવતા સૈનિકોને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.

ઉજવણી અંતર્ગત ઇન્ડો-પાક બોર્ડર પર દેશની સુરક્ષા માટે ફરજ બજાવતા સૈનિકોને મળી, રાખડી બાંધી રક્ષાબંધન પર્વની શુભેચ્છા આપવામાં આવી હતી. બી.એસ.એફ.ના અધિકારીશ્રીએ સરહદ અને લશ્કરને લગતા કેટલાક સાંકેતિક



નકશાઓ તેમજ જુદી જુદી ગતિવિધિઓથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. ખરદોઇ, ભેડિયાબેટ વગેરે ચોકીઓ પર સરહદના સંત્રીઓને રાખડી બાંધવામાં આવી હતી. સંચાલક સંતો તેમજ ટ્રસ્ટી મંડળના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો.



## જિલ્લા કક્ષાની વોલીબોલ રમતમાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓનો કચ્છભરમાં ડંકો

જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી ભુજ દ્વારા શાળાકીય રમતોત્સવમાં તા.૧૨-૯-૨૦૨૩ના જિલ્લા કક્ષાની વોલીબોલ રમતમાં અંડર ૧૪ કક્ષામાં સમગ્ર જિલ્લામાં આપણી શાળાની દીકરીઓ પ્રથમ નંબર મેળવી સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. આ ટીમ રાજ્ય કક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ



કરશે. વેલાણી જીયા ઇશ્વરભાઇ, રામાણી કશીશ સુનિલભાઇ, દબાસીયા ખ્યાતિ અશ્વીનભાઇ, ધોળુ શશી સંજયભાઇ, જંબુઆણી હેત્વી હિતેશભાઇ, હાલાઇ ધર્મી પ્રવિણભાઇ, મેપાણી પૃષ્ટિ પ્રવિણભાઇ, બોરીચા મૈત્રી શૈલેશભાઇ, પિંડોરીયા અંજની જગદીશભાઇ, પેડવા મીરલ સુનિલભાઇ, હિરાણી ચંદ્રિકા ભીમજીભાઇ, ભુડિયા હેત્વી મનજીભાઇ.

વ્યાયામ શિક્ષિકા રશ્મીતાબેન તથા વિજેતા દીકરીઓની સિદ્ધિઓને શ્રીસ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજી, મંદિરના સર્વે સંતવૃંદો, પૂ.મહંત સામબાઇ ફઇ તથા સાંખ્યયોગી બહેનો, શાળાના ટ્રસ્ટી મંડળના સર્વે સભ્યો, આચાર્યશ્રી તેમજ શિક્ષકોએ બિરદાવી હતી.

## જિલ્લા કક્ષાની એથ્લેટીક્સ હરિફાઇમાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓની દબદબાભરી જીત

જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી ભુજ દ્વારા શાળાકીય રમતોત્સવમાં તા.૧૧-૯-૨૦૨૩ના જિલ્લા કક્ષાની વિવિધ એથ્લેટીક્સ રમતોની હરિફાઇમાં અલગ અલગ રમતો જેવી કે ૨૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ, લંગડીફાળ કૂદ ૧૦૦ મીટરની વિઘ્ન દોડ, ચક્ર ફેંક, ઊંચી કૂદ, ૩૦૦૦ મીટર જલદ ચાલ આ તમામમાં પ્રથમ આવેલ છે. આ દીકરીઓ રાજ્યકક્ષાએ આગેકૂચ કરશે. ભુડિયા યુક્તિ વિનોદભાઇ–U-14 ૪૦૦ મીટર દોડ, રામાણી કશીષ સુનિલભાઇ–U-14 ચક્ર ફેંક, દબાસીયા ખ્યાતિ અશ્વિનભાઇ–U-17 લંગડી ફાળ કૂદ, ધોળુ શશી સંજયભાઇ–U-17 ૨૦૦ મીટર, જબુઆણી હેત્વી હિતેશભાઇ–U-19 ૧૦૦ મીટર





વિઘ્નદોડ, હાલાઇ ધર્મી પ્રવિણભાઇ–U-17 ઊંચી કૂદ, મેપાણી પૃષ્ટિ પ્રવિણભાઇ–U-17 ૩૦૦૦ મીટર જલદ ચાલ.

## બળદિયાના પ.ભ.લક્ષ્મણભાઇ ભીમજી રાઘવાણીનો અક્ષરવાસ

ભુજ શ્રીનરનારાયણદેવના નિષ્ઠાવાન, કચ્છના અગ્રણી સત્સંગી લક્ષ્મણભાઇ એન્ડ કંપનીના સંસ્થાપક, ભુજ મંદિરના મહંત સદ્ગુરુ સ્વામી શ્રીવલ્લભદાસજી આદિ મોટા સંતોના કૃપાપત્ર કચ્છ સત્સંગના પનોતાપુત્ર, સાદગી, સેવા, પરોપકારના પર્યાય એવા ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમ સત્સંગી આત્મા શ્રીલક્ષ્મણભાઇ ભીમજી રાઘવાણી ઉ.વ.૯૪ (લખુબાપા) તા.૨૧-૯-૨૦૨૩ ગુરુવારે શ્રીહરિનું સ્મરણ કરતા કરતા શ્રીજીમહારાજની સેવામાં અક્ષરધામમાં સિધાવ્યા છે.

કચ્છના હિજરતી ઇતિહાસનું એક પૃષ્ઠ પૂર્ણતા પામ્યું છે. લખુબાપાના કાર્યો એમની સાદગી, દેશ વિદેશમાં સેવા, રોજગારી આપવામાં એમનું પ્રદાન સદાય અમર રહેશે. જીવન મૂલ્યોનું રક્ષણ અને સંવર્ધન કરવામાં એના જેવું વ્યક્તિત્વ હંમેશા આપણે સૌને નવી પેઢીને પ્રેરણા આપતું રહેશે.

દિનાંક ૨૪-૯-૨૩ના રોજ શ્રદ્ધાંજલિ પાઠવતા ભુજ મંદિરના પૂજ્ય મહંત સ્વામીએ પણ સત્સંગના સાચા સેવક, નિર્માની, દાતા જણાવી ભુજ મંદિર અને કચ્છ સત્સંગ તેમજ સંપ્રદાયમાં ઠેક ઠેકાણે એમનું આર્થિક યોગદાન યાદ કરી પરિવારને સાંત્વના આપી હતી. સત્સંગમાં ક્યાંય ધર્મ–નિયમમાં નબળું વાતાવરણ જણાય તો દરેકને કઠણ પણ હિતની વાત અવશ્ય કરતા. સંતો, સાંખ્યયોગી બહેનોમાં પણ નિયમ–ધર્મમાં મજબૂતાઇ

આવે એ માટે મોટા સંતો સાથે બેસીને વિચાર વિમર્શ કરતા. મહંત સદ્‌ગુરુ સ્વામી શ્રીવલ્લભદાસજીની આજ્ઞાથી વિદેશની ધરતી ઉપર ઉદ્યોગની શરૂઆત મોરેશિયસથી કરી અને શિશલ્સ, નાઇરોબી, યુ.કે., ઓસ્ટ્રેલિયા વગેરે દેશોમાં મોટા મોટા સાહસ કર્યા અને પોતાના ભાઇ કાનજીભાઇ તથા કાકાઇ ભાઇ પ્રેમજીભાઇ કેસરા વગેરે પરિવારને સાથે રાખીને આગળ વધતા રહ્યા.

સત્સંગમાં ખૂબ જ તન-મન-ધનથી સેવા કરી મહારાજ અને સંપ્રદાયના સંતો હરિભક્તોનો રાજીપો મેળવ્યો છે.

પૂ.મહંત સ્વામી પરિવારને ધઈરજ આપતા કહ્યું કે એમના ગુણોને તમારા જીવનમાં ઉતારી હિંમતમાં રહી મહારાજનું ભજન કરજો અને મહારાજે પધરાવી આપેલ શ્રીનરનારાયણદેવને વિશે નિષ્ઠા રાખજો અને જેમ બાપા સત્સંગના, જરૂરિયાતમંદ લોકો, ગરીબોની સેવા કરતા એમ કરતા રહેજો.

## શ્રીસ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટ ખારઘર-મુંબઇ ગુરુકુળ ઉચ્ચ શિક્ષણ સંસ્થાનનું ખાતમુહૂર્ત શિલાન્યાસવિધિ

ભુજ મંદિર દ્વારા મુંબઇના ખારઘર વિસ્તારમાં ગુરુકુળ ઉચ્ચ શિક્ષણ સંસ્થાન નામની સંસ્થાનું ખાતમુહૂર્ત શિલાન્યાસવિધિ તા.૨૪-૯-૨૦૨૩ રવિવારે સંપન્ન થયો હતો. આ પ્રસંગે ૩ દિવસીય રાત્રી સત્સંગ સભાનું આયોજન કરવામાં આવેલ હતું. ૩ દિવસના ૩ વક્તાઓએ તા.૨૨-૯૨૦૨૩ શુક્રવાર શા.સ્વામી અક્ષરપ્રિયદાસજી, તા.૨૩-૯-૨૦૨૩ શા.સ્વામી નારાયણમુનિદાસજી, તા.૨૪-૯-૨૦૨૩ પુ.સ્વામી પરમહંસદાસજી રહ્યા હતા. સભા સંચાલક શા.સ્વામી અક્ષરપ્રકાશદાસજી તથા શા.સ્વામી હરિકૃષ્ણદાસજીએ સંભાળ્યું હતું. ત્રણ દિવસ સભા બાદ મહાપ્રસાદનું આયોજન રાખવામાં આવેલ હતું.

તા.૨૪ ના સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન યશસ્વી યજમાનશ્રીઓ ૫ લાખ કે એનાથી અધિક સેવા આપનાર યજમાન દ્વારા શિલાન્યાસ વિધિ સંપન્ન થયો હતો.

ભુજ મંદિરથી મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ તેમજ ૮ મંડળધારી સંતો સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણ દાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી, સદ્‌ગુર સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સદ્‌ગુરુ સ્વામી કેશવજીવન દાસજી, સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવન દાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી, સદ્‌ગુરુ સ્વામી પુરુષોત્તમસ્વરૂપ દાસજી, સદ્‌ગુરુ સ્વામી ગોલોકવિહારીદાસજી આદિ આઠેય મંડળના મંડળધારી સંતો સાથે અંજાર, માંડવી, પ્રસાદી મંદિરના સંતો પધાર્યા હતા. ભુજ મંદિરના ટ્રસ્ટીઓ મુખ્ય કોઠારી પ.ભ. મુરજીભાઇ શીયાણી, ઉપકોઠારી પ.ભ. જાદવજીભાઇ ગોરસીયા,





સલાહકાર પ.ભ. રામજીભાઇ વેકરીયા, પ.ભ. રામજીભાઇ દબાસીયા, પ.ભ. નારાણભાઇ કેરાઇ, પ.ભ. ભચુભાઇ રાવરીયા વિગેરે ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા.

૧૫૦૦ સ્કવેર મીટરની ભૂમિ ઉપર ૮ માળની બિલ્ડીંગ થશે. ૫૩૦૦૦ સ્કવેર ફૂટ બાંધકામમાં નીચે પહેલા માળે પાર્કિંગ હશે, બીજા માળે સભાસ્થાન હશે, ત્રીજા માળે ભોજનાલય રહેશે, ચોથા માળે વિશેષ આયોજન પારાયણ, લગ્ન વિગેરેનો સભાગાર હશે. ઉપરના ચાર માળમાં હોસ્ટેલની સુવિધા હશે. આ વિસ્તારમાં નાની મોટી કોલેજો ઘણી આવેલ હોવાથી વિદ્યાર્થીઓને રહેવાની સુવિધા કરવામાં આવશે. લગભગ ૧૦૦ વિદ્યાર્થીઓ રહી શકે એવી વ્યવસ્થા










વિચારેલ છે. દોઢ વર્ષમાં આ કાર્ય પૂર્ણ થવાની ગણતરી છે.

આ પ્રસંગે પધારેલ પૂ. સંતોએ રૂડા આશીર્વાદ સાથે ભલામણ કરી હતી અને પૂ.મહંત સ્વામીએ પોતાના આશીર્વાદ આપતાં જણાવ્યું કે તમે બધા કચ્છ-ભુજ શ્રીનરનારાયણદેવના છો. માટે આ આયોજન કરવામાં આવેલ છે. આ સ્થળને સાચવવું અને સારો ઉપયોગ કરવો એ તમારી ફરજ છે. નવી મુંબઇના સર્વે હરિભક્તો પરસ્પર હેતપ્રેમથી રહી સત્સંગ કરજો. ભવિષ્યમાં જ્યાં જરૂરી જણાશે ત્યાં નવા સંકુલો પણ તૈયાર કરવામાં આવશે. જેથી આપણા બાળકો, યુવાનો, બાલિકાઓ, યુવતીઓમાં ભારતીય સંસ્કારો સાથે સત્સંગના સંસ્કારો જળવાઇ રહે એજ અમારો અભિપ્રાય છે.

આ સંકુલના બાંધકામ માટે પૂ.મહંત સ્વામીએ સમિતિ રચી આપી છે એ સમિતિના સંતો તથા હરિભક્તો આ કાર્ય સંભાળશે અને સત્વરે પૂરું કરશે. પૂ.મહંત સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ્વામી ભગવદ્જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, પુ.સ્વામી બાલકૃષ્ણદાસજી, પુ.સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, શા.સ્વામી નારાયણમુનિદાસજી, પુ.સ્વામી ધર્મચરણદાસજી, પુ.સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, પ.ભ. મુરજીભાઇ કરસન શીયાણી, મુખ્ય કોઠારી, પ.ભ. જાદવજીભાઇ વિશ્રામ ગોરસીયા, ઉપકોઠારી, બોર્ડ સલાહકાર પ.ભ. રામજી દેવજીભાઈ વેકરીયા, પ.ભ. ભચુભાઇ રવજી રાવરીયા સ્થાનિક હરિભક્તો પ.ભ. ધનજીભાઇ પ્રેમજી રાઘવાણી, પ.ભ. બાબુભાઇ માલાભાઇ વાવિયા, પ.ભ. દીપક કાનજીભાઈ આરેઠીયા, પ.ભ. પ્રાગજીભાઇ રણછોડ કુશી, પ.ભ. વસંતભાઇ નાનજીભાઇ વાવિયા, પ.ભ. મનજીભાઇ મોમાયાભાઇ ચામરીયા, પ.ભ. કૈલાસભાઇ ગોકરભાઇ હોથી, પ.ભ. ભવનભાઇ કાનજીભાઇ દુબરીયા, પ.ભ. રામજીભાઇ આંબાભાઇ ચૌધરી, પ.ભ. વસરામભાઇ પેથાભાઇ ગજોરા, પ.ભ. ગૌતમભાઇ હરિભાઇ આરેઠીયા.

અ. ભચુભાઇ રાવરીયા ટ્રસ્ટી શ્રી ભુજ મંદિર



પેજ નંબર ૨ પર


ભૂખ લાગી છે. માટે કાંઇક જમવાનું હોય તો આપો. ત્યારે આ ભાઇઓએ કહ્યું બાવાજી! રોટલા તો અમે જમીને અત્યારે કોશ જોડ્યા છે તે હવે જમવાનું ક્યાંથી આપીએ? ત્યારે વર્ણીસ્વરૂપે રહેલા શ્રીહરિ કહે, જુઠું શીદને બોલો છો. આ સામે ડેલામાં છીકાં ઉપર માટલમાં રોટલા રાખ્યા છે તેમાંથી મને અર્ધો રોટલો આપો. ત્યારે તે

ભાઇઓ કહે, તે તો અમે સાંજે જમવા સારું રાખ્યા છે. એમ કહીને કોશ હાંકી મૂક્યા. પણ લક્ષ્મણભાઇને થયું કે આ બાવાજી ભૂખ્યા છે. તેથી મારા ભાગનો રોટલો તેમને આપી દઉં. એમ વિચારીને પોતાના ભાગનો રોટલો ને કેરાંનું અથાણું જમવા આપ્યાં.

શ્રીહરિ તે જમ્યા પછી પોતાના હાથમાં કમંડલું લઇને હસ્ત લાંબો કરીને કૂવામાંથી પાણી ભરીને જળપાન કરીને કાંઠા ઉપર બેઠા. તેવામાં ત્રણે ભાઇઓ કોશ હાંકીને ઠાલવવા સામા આવ્યા ત્યાં તો કૂવા કાંઠે આંબલીનું વૃક્ષ હતું તેની ટોં સુધી બ્રહ્મચારીની મૂર્તિ દેખાઇ. સૌને આશ્ચર્ય થયું. પછી શ્રીહરિએ કહ્યું તમારે કાંઇ જોઇતું હોય તો માંગો ! તમો કોની ઉપાસના કરો છો ? ત્યારે તેઓએ કહ્યું કે અહીંથી થોડે દૂર બિલેશ્વર મહાદેવ છે તેની ઉપાસના કરીએ છીએ. ત્યારે શ્રીહરિ કહે હે લક્ષ્મણ ! હું તારું આત્યંતિક કલ્યાણ કરીશ અને તારી સાત પેઢી સુધી તારા કૂળમાં સર્વે મુક્ત પુરુષો જન્મશે, ને સર્વે મારી ભક્તિ ઉપાસના કરશે.

શ્રીહરિએ લક્ષ્મણભાઇને તારા કૂળમાં સાત પેઢી સુધી મુક્તો જન્મ લેશે એ વરદાન સ્વરૂપે અ.નિ.પુરાણી સ્વામી સ્વયંપ્રકાશદાસજી તેમજ અ.નિ.સ્વામી ઉત્તમપ્રિયદાસજી આ બંને ગુરુભાઇ સદ્‌ગુરુ સંતો લક્ષ્મણબાપાની છઠ્ઠી પેઢીના મુક્ત પુરુષો હતા. મુક્તરાજ સાંખ્યયોગી ધનબાઇફઇ પણ આ જ કૂળમાં જનમ્યાં હતા. લક્ષ્મણબાપાની પાંચમી પેઢીમાં પાંચ ભાઇઓ હતા તેમા એક ભીમજીભાઇ હતા. તે ભીમજીભાઇના ચાર પત્ર રત્નો હતા, તેમાં સૌથી મોટા મનજીભાઇ, ત્યારપછી પ્રેમજીભાઇ અને ત્રીજા રવજીભાઇ હતા અને ચોથા સૌથી નાના લાલજીભાઇ હતા. લાલજીને નાનપણથી વૈરાગ્ય હતો. ભગવાનનું ભજન કરવું, મંદિરમાં સેવા કરવી, ગામમાં સંતો પધારે ત્યારે સંત સમાગમ કરવો બહુ ગમતો હતો. જેમ જેમ મોટા થયા તેમ તેમ તેના મનમાં સંસાર છોડીને સંત બનવાનો સંકલ્પ દઢ થતો રહ્યો. એક દિવસ ગામમાં સદ્‌ગુરુ સ્વામી મોરલીમનોહરદાસજી પધાર્યા. લાલજી સંતોની સેવા કરી અને સંતોનો સમાગમ કરવો બહુ ગમતો તેથી પૂ. સ્વામી મોરલીમનોહરદાસજીન પોતાના મનની વાત કરી કે મારે આપની સાથે રહીને ભગવાનની સેવા કરવી છે. સદ્‌ગુરુ સ્વામી મોરલીમનોહર દાસજીએ લાલજીને સાથે લીધા અને ગામડા ફરીને ભુજ પધાર્યા. ભુજમાં ભગતને મંદિરની વિવિધ સેવામાં જોડી દીધા. કોઇક દિવસ વાડીમાં સેવા કરવી તો કોઇક દિવસ ગૌશાળામાં ગાયોની સેવા કરવી. મંદિરમાં રસોડાની સેવા હોય કે પછી પાકશાળાની સેવા હોય લાલજી ભગત ખંતથી સેવા કરતા રહ્યા. એક દિવસ લાલજી ભગતે વડીલ સંતોને વાત કરી કે મને સાધુ કરો. ત્યારે વડીલ સંતોએ લાલજી ભગતના પિતાશ્રી ભીમજીબાપાને બોલાવીને કહ્યું કે લાલજી ભગતને સાધુ બનાવીને દેવની સેવામાં રાખવા છે તમો રાજી છો ને ? માતા-પિતા અને બધા સંગાસંબંધીઓએ રાજી થઇને રજા આપી. લાલજી ભગતને સાધુ બનવાની રજા મળી ત્યારે સંવત-૨૦૧૭ ફાગણ સુદ એકાદશીના તા.૨૬-૨-૧૯૬૧ રવિવારના રોજ આચાર્ય શ્રીતેજેન્દ્રપ્રસાદજી મહારાજના હસ્તે ભાગવતીદીક્ષા ગ્રહણ અનો સ્વામી સ્વયંપ્રકાશદાસજી એવું નામ રાખવામાં આવ્યું. તેઓ સદ્‌ગુરુ સ્વામી મોરલીમનોહરદાસજીના શિષ્ય બનીને રહ્યા. સદ્‌ગુરુ સ્વામી મોરલીમનોહરદાસજી તથા મહંત સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજી આદિ વડીલ સંતોની આજ્ઞામાં રહીને સત્સંગની સેવામાં જોડાઇ ગયા.

ભુજ મંદિરમાં સંસ્કૃત પાઠશાળા ચાલતી હતી તેમાં સંસ્કૃતના અભ્યાસનો પ્રારંભ કર્યો. પંડિત છગનલાલ શાસ્ત્રી પાસે વ્યાકરણ, ન્યાય, સાહિત્યનો સંપૂર્ણ અભ્યાસ કરીને ત્યારપછી મહંત સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજી પાસે સંપ્રદાયના સંસ્કૃત ગ્રંથો સત્સંગિજીવન, શિક્ષાપત્રી ભાષ્ય, હરિવાક્યસુધાસિંધુ જેવા અનેક ગ્રંથોનો અભ્યાસ પૂર્ણ કર્યો. સદ્‌ગુરુ સ્વામી





મોરલીમનોહરદાસજીના પાંચ શિષ્યો હતા. તેમાં ગુરુજીની સાથે સૌથી વધારે પુરાણી સ્વામી સ્વયંપ્રકાશદાસજી સેવામાં રહેતા. ગુરુજીની સાથે ગામડાં ફરવા જવું, ગુરુજી જ્યારે ગામડાંમાં મંદિરનું નવનિર્માણ કરતા હોય ત્યારે ગુરુજી સાથે પુરાણી સ્વામી રહેતા. ગુરુજીની સાથે અનેકવાર વિદેશમાં પણ સત્સંગ પ્રચારાર્થે ગયા હતા. પુરાણી સ્વામીનો સ્વભાવ અતિ સરળ અને નિખાલસ હતો. ભગવાન, સંત અને સત્સંગની સેવા કરવી એ એમનો જીવનમંત્ર હતો. અને આ મંત્રને ચરિતાર્થ કર્યો હતો. ગામડાંઓમાં ફરીને સત્સંગ કરાવવો પુરાણી સ્વામીને અતિ ગમતું. કથાવાર્તામાં અતિ રૂચિ હતી. તેથી કથાના સમયે કે વાસ્તુ-પગલાં કરવા જવાનું થાય અને ગાડીમાં જતા હોય તો પુરાણી સ્વામી ગાડીમાં સ્વયં કથા-કીર્તન કરીને નિયમ પુરું કરતા. સ્વામીના બે શિષ્યો છે, પુરાણી સ્વામી ઇશ્વરસ્વરૂપ દાસજી તથા સ્વામી બળદેવપ્રસાદદાસજી.

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૫૦૧ સાંખ્યયોગી લીલાબાઇ, સાંખ્યયોગી પ્રેમીલાબાઇ આદિ બીજા ગૃહસ્થ હરિભક્તો ચારધામની યાત્રા કરી આવ્યા તે નિમિત્તે – નાના અંગીયા

૨૫૧ રામજી વાલજી જેશાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્નતાર્થે – બળદિયા

૨૧૦ નિતીન હીરજી વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્નતાર્થે, હ.હીરજી કરસન યુ.એસ.એ. (નારાણપર)

૨૦૦ પ્રેમીલાબેન લાલજી વેકરીયા જન્મદિવસ નિમિતે માધાપર

૨૦૧ નિતિ-ચિરાગ મેહુલ ચંદ્રવદન મહેતા શ્રીજીપ્રસન્નતાર્થે – ભુજ

૨૫૦ મિલન હિતેશ વિશ્રામ હાલાઇ જર્મન ઉચ્ચ અભ્યાસ ડીગ્રીકોર્ષ માટે ગયા તે નિમિતે – મિરજાપર

૨૫૦ પ્રશાંત દિપેશ વિશ્રામ હાલાઇ જર્મન ઉચ્ચ અભ્યાસ ડીગ્રીકોર્ષ માટે જશે તે નિમિતે – મિરજાપર

## ખાસ નિવેદન

ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા અ.નિ.સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા અ.નિ.સ.ગુ.સ્વામી સ્વયંપ્રકાશદાસજી આ બંને સદ્‌ગુરુ સંતોની પુણ્ય સ્મૃતિમાં તા. ૧૧-૧૨-૨૦૨૩ થી ૧૫-૧૨-૨૦૨૩ દરમિયાન ભુજ મંદિરમાં પંચાહ પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવનું આયોજન સંયુક્ત (એક સાથે) કરવાનું નિર્ધારેલ છે.

આ મહોત્સવમાં સેવા કરવા ઇચ્છતા હરિભક્તોએ ભુજ મંદિર કોઠારનો સંપર્ક કરી આ ઉત્સવમાં યજમાનપદે અવશ્ય જોડાઇ શકાશે.

લી.કોઠારીશ્રી

સત્સંગ સમાચાર-વિદેશ

શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર ઇસ્ટ લંડનનો

## ૩૬ મો પાટોત્સવ અને બાલસ્વરૂપ

# શ્રીઘનશ્યામ મહારાજનો ૨૧મો પાટોત્સવ





પ્રારંભ સંવત–૨૦૭૯ શ્રાવણ વદ–૩ શનિવાર, તા.૨–૯–૨૦૨૩ ના મંદિરે સવારની સભા પછી મંદિર વાડીએ બાળકો, યુવાનો, વડીલો સર્વેને ધ્યાનમાં લઇને આ દિવસે અલ્પાહારનું આયોજન કરેલ. મોગો, મકાઇ, પીઝા વગેરે સાથે સર્વે ભક્તો આનંદ ઉલ્લાસ, રમત ગમત સાથે જમ્યા અને રમ્યા. યોગાનુયોગે પૂ. સ્વામી કૃષ્ણપ્રસાદ દાસજી આદિ સંત મંડળે સહિત દર્શન, કથાવાર્તાનો લાભ આપેલ.

તા.૩–૯–૨૦૨૩ રવિવારે બપોર પછી ૪ વાગ્યાથી શ્રીબાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજનું સંતોના સાંનિધ્યમાં રાજોપચારનું આયોજન કરેલ. આ મહા ઉપચાર પછી સર્વે ભક્તો પ્રસાદ ભોજન લઇને વિદાય લીધી હતી.

તા.૪–૯–૨૦૨૩ને સોમવારના મંદિર વાડીએ સાંજે વાડીના મોટા ટેન્ટના પ્રાંગણમાં બાળકો–બાલિકાઓના સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરેલ. ૮૦ જેટલા બાળકો ભાગ લઇને રાસ–ગીત–ગાન સાથે સર્વેને તૃપ્ત કરેલ. ભોજન સાથે ભજનમાં ભાગ લીધેલ. જેમણે ભાગ લીધેલ સર્વે બાળકો–શિક્ષકોને ભેટ અર્પણ કરીને વિદાય કરેલ.

તા.૫–૯–૨૦૨૩ને મંગળવારે

યુવક મંડળે સત્સંગ વગેરે અને બુધવારે વચનામૃત પ્રશ્નો ઉત્તરનું આયોજન કરેલ. તા.૭–૯–૨૦૨૩ને ગુરુવારે જન્માષ્ટમીનું સાંજે આયોજન કરેલ. જન્મોત્સવ, આરતી, રાસ, મટકીફોડનું આયોજન કરેલ. સર્વે પંચાજીરીનો પ્રસાદ લઇને સાંજે ૮ વાગ્યે ભાવવિભોર થઇને વિદાય લીધેલ.

તા.૮–૯–૨૦૨૩ને શુક્રવારે પાટોત્સવ મુખ્ય દિવસ સવારે ૬–૩૦ વાગ્યાથી પૂ. સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી સંતમડળ સહિત બોલ્ટનમાં ૫૦ મા મહાઉત્સવથી મંદિરે પધારેલ. શ્રીબોલ્ટન મહાઉત્સવને લીધે સંતોએ પારાયણ આયોજન નહિ કરેલ. બ્રહ્મકુમારોમાં હેરો મંદિરના દિનેશ મહારાજ, મંદિરના ગોર જીતુ મહારાજ, ચંદ્રેશ મહારાજ અને સત્સંગીઓના સાંનિધ્યમાં સ્થાનિકે ઉત્સવનું સરસ આયોજન કરેલ. અભિષેક, અન્નકૂટ દર્શન, આરતી નવલ સિંહાસન અને શિખર ધ્વજો અને મહાપ્રસાદ ભોજન લઇનો સંતો–સત્સંગીઓએ વિદાય લીધેલ.

અ. મંત્રી અરવિંદભાઇ વેકરીયા,
સહમંત્રી પુલકિતભાઇ કોરાટ





## વોટ્સએપથી 'ધર્મસંદેશ' મેળવવા બાબત

### દેશ-વિદેશના આજીવન ગ્રાહકો માટે અગત્યની સૂચના

શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશના આજીવન ગ્રાહકોને જણાવવાનું કે 'ધર્મસંદેશ' વોટ્સએપથી મેળવવા રજીસ્ટર થયેલ નામ, ગ્રાહક નંબર (અંકના કવર – રેપર પર દર્શાવેલ હોય છે) ગામનું નામ અને આપના વોટ્સએપ મોબાઇલ નંબર (૭૫૬૭૬૦૪૦૦૦) આ નંબર ઉપર વિના વિલંબે મોકલી આપશો. પોસ્ટની સાથે આપના ફોનમાં પણ આ ધર્મસંદેશ અંક મોકલી આપવામાં આવશે.




# શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર બોલ્ટન



















શ્રીક.સ. સ્વામિનારાયણ મંદિર બોલ્ટન (યુ.કે.)ના આંગણે ૫૦ વર્ષીય અર્ધશતાબ્દી ‘‘સમર્પણ મહોત્સવ’’ તા.૪–૯–૨૦૨૩ થી ૧૦–૯–૨૦૨૩ સુધી શ્રીશતાનંદમુનિ રચિત ગ્રંથ ‘‘શ્રીસત્સંગિજીવન સપ્તાહ પારાયણ’’ની સાથે ધામધૂમથી, ઉત્સાહ ઉમંગથી અને પૂજ્ય ‘‘ધર્મકૂળ’’ તથા આપણા ભુજ મંદિરના મહંત સ્વામી તથા સર્વે નાના મોટા સંતોના આશીર્વાદથી ઉજવાઇ ગયો. આજથી ૫૦ વર્ષ પૂર્વ ઇ.સ.૨૦૭૩ ની સાલમાં આપણા સર્વે વડીલો અહીં બોલ્ટનમાં આવી વસવાટ કરેલો અને સર્વે ભાઇઓ સાથે મળી આપણા ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ શા.સ્વામી ધર્મજીવનદાસજીને પત્ર દ્વારા મંદિર કરવાની અરજ કરેલી. આ અરજને પૂજ્ય સ્વામીએ શિરોમાન્ય રાખીને આશીર્વાદ સાથે મંદિર કરવાની ભલામણનો પત્ર આવતાં સર્વે હરિભક્તો રાજી થઇને યુ.કે.પ્રદેશમાં સૌ પ્રથમ મંદિરની સ્થાપના થઇ ત્યારથી કરીને આજ દિવસ સુધી સત્સંગની જામણી થતી આવી છે.

આ સમર્પણ મહોત્સવની શુભ શરૂઆત શનિવાર તા.૨–૯–૨૦૨૩ નાં એક દિવસીય ‘‘મહા વિષ્ણુયાગ’’થી થઇ તેમાં આ મહોત્સવમાં



























જેમણે વધારે સેવા કરી હોય તેવા મુખ્ય યજમાનની સેવા કરનાર સર્વે યજમાનોએ યજ્ઞમાં બેસવાનો લાભ લીધો હતો. અને સાંજના ૭ વાગ્યે પૂ.સંતો તથા ભૂદેવોની સાથે શ્રીફળ હોમી અને યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવેલી. સાથે ‘‘ધ્વજરોપણ’’નું આયોજન પણ કરવામાં આવેલું. અને તા.૩–૯–૨૦૨૩ ને રવિવારના સાંજે ૭ વાગ્યે ‘‘પોથીયાત્રા’’નું આયોજન વાજીંત્રોના શૂર સાથે વાજતે ગાજતે મહોત્સવના મુખ્ય યજમાનશ્રીઓ તથા સહયજમાનશ્રીઓ સાથે મળી અને પૂ.સંતો અને ભૂદેવોના સાંનિધ્યમાં બોલ્ટનની ગલીઓને ગુંજાવતું શૂરના સથવારે મંદિરમાં પધરામણાં થયા હતાં. અને બીજે દિવસે આપણા સમર્પણ મહોત્સવનાં પ્રથમ દિવસની શુભ શરૂઆત સોમવાર તા.૪–૯–૨૦૨૩ના સવારે ૭–૩૦ વાગ્યે સ્થાપન પૂજન મુખ્ય યજમાન અને સહયજમાનનાં જોડલાંની સાથે ભૂદેવોના માર્ગદર્શન હેઠળ થઇ. આ ‘‘સમર્પણ મહોત્સવ’’માં સર્વેને મને આનંદ જ છવાઇ રહ્યો હતો. અને અહીં સમગ્ર ભક્તજનોએ આપણા ઇષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાનને રાજી કરવા અને આ મહોત્સવ જીવનના અંત










સુધી યાદગાર બની રહે તે નિમિત્તે ખૂબજ ભજન કરેલું. જેમાં મંત્રજાપ, પ્રદક્ષિણા, દંડવત્ પ્રણામ, પંચાંગ પ્રણામ, શાસ્ત્ર વાંચન તથા હરિસ્મૃતિના પાઠ કરી શ્રીહરિની પ્રસન્નતા મેળવી. જેથી તેઓ પ્રસન્ન થઇને આ મહોત્સવ જાણે પોતાનોજ હોય ને શું? તેનું પ્રત્યક્ષ દર્શન સાથે આખી વિક એકપણ વરસાદના બુંદ વિના તડકો-તડકો ને ગરમી જ વરસતી હતી. આવું વાતાવરણ નિહાળી સૌને આનંદ થયો હતો. અને આ મહોત્સવમાં આ સાલે દરવર્ષની માફક સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશ દાસજીના મંડળના સંતો વ્યાસાસને બિરાજી અને પાંચ પાંચ સંતોએ કથામૃતનું રસપાન કરાવ્યું હતું. અને દરરોજ સાંજની કથામાં કથા અંતર્ગત નવા નવા ઉત્સવો જેવા કે ગાદીપટ્ટાભિષેક, ફૂલડોલોત્સવ, પ્રાદુરભાવ મહોત્સવ, ભુજ આગમન મહોત્સવ વગેરે આયોજનોના સાથ સહકારથી ઉજવાયા અને આ મહોત્સવમાં આપણા ભુજધામથી પૂ.ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી













ભગવદ્જીવન દાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત સાથે લગભગ ૫૦ ના આશરે નાના મોટા સંતો પધારીને પોતપોતાના આ મહોત્સવના અનુભવો દર્શાવી અને આશીર્વાદ સાથે દર્શનનો અલભ્ય લાભ પણ આપેલો. તેમની સાથે આપણા અમદાવાદ કાલુપુર મંદિરેથી મંદિરના મહંત સ્વામી સાથે બીજા સંતો તથા સાંખ્યયોગી બહેનો પધારી અને સૌ બહેનોને આનંદિત કરેલા હતા. અને આ મહોત્સવમાં પુરું ધર્મકુળ પધારી અને જાણે સોનામાં સુગંધ ભળે તેમ એક સાથે ત્રણ ત્રણ પેઢીના દર્શનનો અલભ્ય લાભ બધાયને અકસાથે મળ્યો અને આશીર્વાદની સાથે આપણા મહારાજશ્રી તથા મોટા મહારાજશ્રીએ આ બોલ્ટન મંદિર પ્રત્યે જે પોતાની લાગણીઓ તથા પૂર્વે જે પોતાને થયેલા રમુજના અનુભવો વર્ણવ્યા હતા. અને એક વિક રોકાઇ અને સર્વેને દર્શનનો લાભ આપ્યો હતો. સાથે બહેનોની સભામાં પૂ.ગાદીવાળા તથા મોટાં ગાદીવાળા, લાલીરાજા તથા બિન્દુરાજા સર્વે એકસાથે પધારી સહુ બહેનોને પણ આશીર્વાદ સાથે દર્શનનો લાભ આપ્યો હતો. અને સમગ્ર ધર્મકૂળના ટીકીટના યજમાન ગામ દહીંસરાના હાલે બોલ્ટનના પ.ભ.અ.નિ.માવજીભાઇ વિશ્રામ ખીમાણી ધ.પ.માનબાઇ હસ્તે શુશીલાબેન માવજી સપરિવાર રહ્યો હતો. સાથોસાથ આપણા ‘‘સમર્પણ મહોત્સવ’’નો મુખ્ય દિવસ બુધવાર તા.૬–૯–૨૦૨૩ના દિવસે ઠાકોરજીનો અભિષેક તથા અન્નકૂટની આરતીનો ચડાવો લેવામાં આવેલો તેમાં સૌથી ઉંચો અને સૌને આનંદિત કરી આપે તેવો આંક આપી અને યજમાન બનવાનું બીડું અ.નિ.વાત્સલય મૂર્તિ સ.ગુ.સ્વામી



ઘનશ્યામજીવનદાસજી તથા અ.નિ.સ્વામી નારાયણસેવકદાસજીની પુણ્ય સ્મૃતિમાં પ.ભ. માવજીભાઇ રામજી પાંચાણી, ધ.પ. મંજુલાબેન સપરિવાર ગામ દહીંસરાવાળાએ લીધો હતો. અને ત્યારબાદ ઠાકોરજીની આગળ મહાઅન્નકૂટ વિધવિધ વાનગીઓથી ભરપૂર આગળ ધરવામાં આવેલો. ત્યારબાદ શ્રીઠાકોરજીની આરતી કરવામાં આવેલ. ‘‘શ્રીસહજાનંદ સ્વામી’’ને રાજી કરવા અને પોતાના જીવનને ધન્ય બનાવવા બહુજ મોટું સુવર્ણના હારનું દાન ગામ દહીંસરાના પ.ભ.વીરજીભાઇ સામજી હાલાઇ ધ.પ.મંજુબેન આદી સપરિવાર તરફથી મળેલું. ત્યારબાદ આપણાં મંદિરમાં બિરાજતા દેવોના શિખરો પર ધ્વજ રોપણનો ચડાવો લેવામાં આવેલ તેમાં સૌ પ્રથમ શ્રીસહજાનંદ સ્વામીની ધજાનો ચડાવો ગામ દહીંસરાના પ.ભ.અ.નિ.માવજીભાઇ વિશ્રામ ખીમાણી સપરિવાર તથા પ.ભ.અ.નિ. વાલજીભાઇ કેશરા હાલાઇ સપરિવારે લીધો હતો. અને શ્રીનરનારાયણ ભગવાનની ધજાનો ચડાવો ગામ બળદિયાના અ.નિ. કાન્તાબેન મનજી રાઘવાણી હસ્તે મનજીભાઇ કુંવરજી રાઘવાણી સપરિવારે લીધો હતો. અને શ્રીરાધાકૃષ્ણદેવના ધજાના યજમાન ગામ દહીંસરાના પ.ભ. અ.નિ.પિતાશ્રી કરસન ધનજી ગાંગજીઆમી તથા અ.નિ. માતુશ્રઈ ધનબાઇ કરસન ગાંગજીઆણી હસ્તે મનજી કરસન ગાંગજીઆણી આદી સપરિવારે લીધો હતો. અને શ્રીહનુમાનજી મહારાજ, શ્રીગણપતિજી તથા માણકીએ અસવાર શ્રીસહજાનંદ સ્વામી તથા અન્ય મૂર્તિઓના યજમાન ધ્વજના ગામ કુન્દનપુરના પ.ભ. મનજીભાઇ ગાંગજી હાલાઇ ધ.પ. મેગબાઇ આદી સપરિવારે લીધો હતો. અને આપણાં મંદિરના મખ્ય ગેટ ઉપર રહેલ બહારનું મોટું શિખર તેના ધ્વજના યજમાન ગામ દહીંસરાના પ.ભ. શીવજીભાઇ કેસરા હાલાઇ ધ.પ.માનબાઇ આદી સપરિવાર તથા અ.નિ. પ.ભ.રમેશભાઇ પ્રેમજી વરસાણી ગં.સ્વ. વાલબાઇ સપરિવાર રહી ધ્વજનો લાભ લીધો હતો. તેમજ શ્રીહરિકૃષ્ણ મહારાજના સોનાના મુગટ તથા ચાંદીના સિંહાસન તથા થાળી–વાટકા–પ્રસાદી જળના લોટાના યજમાન ગામ માધાપરના પ.ભ.અ.નિ. સામજીભાઇ વિશ્રામ વરસાણી ધ.પ. અ.નિ. સુંદરબાઇ સામજી વરસાણી સપરિવાર રહ્યો હતો. તેમજ નિજસિંહાસનમાં તથા શ્રીગણપતિજી મહારાજ તથા શ્રીહનુમાનજી મહારાજના ચાંદીના છતર તથા તે ઉપર સોનાનું વર્ક તથા ચાંદીની આરતી તથા ઘંટા તથા ચાંદીનો નાગ તેમના યજમાન ગામ માધાપરના પ.ભ. લાલજીભાઇ કરસન ભુડિયા ધ.પ. કાન્તાબેન આદી સપરિવાર થયા હતા. અને નિજ મંદિરમાં ઠાકોરજી સારું ચાંદીના પાટલાના યજમાન ગામ કુન્દનપુરના પ.ભ. અ.નિ. શીવજીભાઇ રામજી કેરાઇ, ધ.પ.માનબાઇ શીવજી આદી સપરિવારે લાભ લીધો હતો.

અને આ મહોત્સવમાં નાની મોટી સેવાઓ અનેક ભક્તોએ કરી હતી. તેમજ બંને ટાઇમ ભોજન પ્રસાદના યજમાનો યજમાન બનીને પોતાના જીવનમાં ધન્યતા અનુભવી હતી. તેમજ ગુરુવાર તા.૭-૯-૨૦૨૩ના શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના શ્રીકૃષ્ણ પ્રભુનો પ્રાદુરભા (પ્રાગટ્ય) દિવસના યજમાન ગામ કુન્દપુરના પ્રેમજીભાઇ નારાણ (હડુસાવાળા) સપરિવારે ઉંચો આંક આપી અને આરતીનો લાભ લીધો હતો.

શુક્રવાર તા.૮-૯-૨૦૨૩ના સાંજના કથા વિરામ બાદ મહારાસોત્સવનું આયોજન રિબોક સ્ટેડીયમમાં કરેલું તેમાં અનેક હરિભક્તો ભાઇઓ તથા બહેનો સર્વે યુ.કે.ના પધારી અને આનંદ માણેલો. સાથે મોટા મહારાજશ્રી પણ રાસના અંત સુધી હાજર રહી દર્શન આપેલાં.

અને શનિવારના બપોરપછી ૧-૩૦ થી ૪ વાગ્યા સુધી નગરયાત્રાનું આયોજન થયેલું તેમાં મહારાજશ્રી તથા લાલ મહારાજશ્રી બિરાજી અને સહુને દર્શન આપેલાં અને યુ.કે.ના મંડળીવાળા હરિભક્તો તથા બેન્ડપાર્ટીવાળા હરિભક્તોએ પોતાની જહેમત દાખવી હતી. અને છેલ્લે પૂર્ણાહુતિના દિવસે મોટા બાપજી તથા અન્ય સંતોના આશીર્વાદ સાથે આભારવિધિ કરી અને ભોજન પ્રસાદ લઇ અને સૌ છુટા પડેલ. અને દેશ-વિદેશથી પધારેલ સર્વે મહેમાનો હરિભક્તોને ભાવથી મળ્યા હતા. આવી રીતે મહોત્સવની પૂર્ણાહુતિ થઇ સૌ કોઇ આનંદ માણ્યો.

બીજું આ સમર્પણ મહોત્સવ પ્રસંગે નિજ મંદિરમાં બિરાજતા સર્વે દેવોને આનંદિત કરવા સારું અહીં બોલ્ટનમાં રહેતા બાઇઓ હરિભક્તો તરફથી ચાંદીના હાર આઠ અર્પણ કરી શ્રીહરિનો રાજીપો મેળવેલો. તથા આપણા મોટા મહારાજશ્રીને શ્રીસ્વામિનારાયણ મ્યુઝીમ-અમદાવાદને સોનાનો બિસ્કીટ ગામ દહીંસરાના પ.ભ.વિરજીભાઇ સામજી હાલાઇ એન્ડ પરિવાર તરફથી અર્પણ કરવામાં આવેલ.

અ.શ્રી.ક.સ.સ્વામિનારાયણ મંદિર બોલ્ટનના
પ્રમુખ તથા મંત્રી દેવજીભાઇ વિશ્રામ રામજી
ગાંગજીઆણી



RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2018-2020
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2020/UPTO 31-12-2020

# શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, બોલ્ટનના ૫૦ માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે સમર્પણ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો

